Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૦ • તા. ૧૬ મે ૨૦૧૬ થી ૨૨ મે ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈમાં ની સમૂહ પહેડી



















# શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માં ની સમૂહ પહેડી

















# શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માં ની સમૂહ પહેડી સંપન્ન

શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાય પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈમાંની તૃતીય સમૂહ પહેડી તા. ૨૩-૦૪-૨૦૧૬ શનિવારે કાલિદાસ ઓપન ગાઉન્ડ ખાતે ભવ્યાતિભવ્ય, આનંદ-ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવી જેમાં લોડાયા પરિવારના દેશ-દેશાવર, તેમજ સમગ્ર મુંબઈ થી આવેલા ભાવિકોએ દર્શન-પહેડીનો લાભ લીધો હતો.

શ્રી સચ્ચાઈ માં સમૂહ પહેડીમાં મુખ્ય દાતાશ્રી અને સહયોગી દાતાશ્રીઓએ ખૂબજ ભાવ અને શ્રદ્ધાપૂર્વક પહેડી, પ્રસાદ, આરૂતી વગેરેનો લાભ લીધો હતો. આમંત્રિત મહેમાનો અને ક.વી.ઓ. સમાજના અગ્રણીઓએ તથા ક.દ.ઓ. મહાજન પ્રમુખ કલ્પેશભાઈ મોતા, ઉપપ્રમુખ લેરીન ખોના તથા મહાજન અધિકારીઓ હાજર રહેલ. મહાનુભાવ જયંત સોની, શામજી નરશી દંડ, નયન ભેદા, મણીકાન્ત ધુલ્લા, જયેશ જૈન, જયંત છેડા, દેવેન ધરમશી, મોતીચંદ ખોના, લક્ષ્મીચંદ પોલડીયા, કલ્યાણજીભાઈ છેડા, સમીર નાગડા, પીનાકીન છેડા, હેમંત મોતા, પ્રબોધ મુનવર, રાયચંદ જીવાણી, ભરત જીવાણી, કુસુમકાંત નાગડા, હંસકુમાર મૈશેરી, મુકેશ મૈશેરી, લહેરચંદ મૈશેરી, ગુલાબ મૈશેરી, ગલાબ ધરમશી, મહેન્દ્ર ખોના, હરીશ ડાઘા, નરેન્દ્ર શિયાલ, લીતેશ ખોના, માણેકજીભાઈ ભેદા, કિરણ ભેદા, ચેતન ભેદા તથા લોડાયા પરિવારના સર્વ મહાનુભાવો હાજર રહેલ.

પહેડી પ્રસંગને દિપાવવા પ્રવીણ લોડાયા, ગોવિંદજી પટેલ, વીરચંદ લોડાયા, રમેશભાઈ લોડાયા (ભરૂડિયા), સંદીપ લોડાયા, વિપુલ પટેલ, વીરેન્દ્ર લોડાયા, તથા મયંક લોડાયા, કિરીટ લોડાયા, અજીત લોડાયા, મનીષ લોડાયા, વિપુલ લોડાયા, નીપેશ પટેલ, ચેતન પીર, જયેશ લોડાયા, વીરચંદ હીરજી, ભુપેન્દ્ર ડાઘા, વીરચંદ ખોના, પ્રવીણ મોતા, રાજેશ દંડ, અરવિંદ લોડાયા, મનીષ લોડાયા, ચંદ્રેશ લોડાયા, યશ લોડાયા, અજય લોડાયા, હિતેશ પટેલ, નીખીલ પટેલ, કિરણ દંડ સર્વે કાર્યકરોએ જોરદાર મહેનત કરી પહેડીને સફળ બનાવેલ, પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. મનગમતું રસથાળ પીરસવાનો મેં ફાઈવસ્ટાર કેટરર્સ તેમજ મે. ધનરાજ ડેકોરેટર્સને ડેકોરેશન સેવાનો લાભ મળ્યો હતો. શ્રી સચ્ચાઈ માં સમૂહ પહેડી સમિતિના આગેવાનો અને કાર્યકર્તાઓએ પહેડીને યશસ્વી બનાવવા ખાસ જહેમત લીધી હતી.

## શ્રી સચ્ચાઈમાતાજીના તૃતીય સમૂહ પહેડીના લાભાર્થી પરિવારો

| | |
|---|---|
| નૈવેદ્ય (પહેડી) જુહારવાના લાભાર્થી | : શ્રીમતી રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા (તેરા-મુલુંડ) |
| માતાજીની આરતીના લાભાર્થી | : શ્રીમતી રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા (તેરા-મુલુંડ) |
| માતાજીની તેડી આવવાના લાભાર્થી | : માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા (કોઠારા-મુલુંડ) |
| માતાજીને પોંખવાના લાભાર્થી | : શ્રી હંસરાજ વિશનજી લોડાયા (આરીખાણા - મુલુંડ) |
| દિપ-ધુપ પૂજાના લાભાર્થી | : માતુશ્રી કસ્તુરીબાઈ કેશવજી લોડાયા (આરીખાણા - ડોમ્બીવલી) |
| માતાજીને ફૂલહાર પહેરાવવાના લાભાર્થી | : માતુશ્રી મણીબાઈ કલ્યાણજી લોડાયા (આરીખાણા - ડોમ્બીવલી) |
| માતાજીને ચૂંદડી ઓઢાડવાના લાભાર્થી | : માતુશ્રી હંસાબાઈ હિરાચંદ અરજણ પટેલ (બાંઢીયા - ઐરોલી) |
| પૂજામાં બેસવાના લાભાર્થી | : ૧) શ્રીમતી પુષ્પાબેન દામજી લોડાયા (બાંઢીયા - ભાંડુપ)<br>૨) માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા સુપુત્રો (સાયરા - ડોમ્બીવલી) |

## શ્રી સચ્ચાઈમાતાજીના તૃતીય સમૂહ પહેડીના સહયોગી દાતાશ્રીઓ

**આરીખાણા**

માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા - મુલુંડ

માતુશ્રી ધનલક્ષ્મીબેન રાયચંદ વિશનજી લોડાયા

માતુશ્રી નવલબાઈ મુલજી લોડાયા - મુલુંડ

**બારાઈ**

માતુશ્રી હિરાવંતીબેન તિલકચંદ લોડાયા - મુલુંડ

**બાંઢીયા**

શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા - અમદાવાદ

શ્રી હીરજી શિવજી લોડાયા - મુલુંડ

**મોટી ખાવડી**

શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા - થાણા

શ્રી મોતીલાલ દેવજી લોડાયા - ઘાટકોપર

શ્રી ગીરીશ ખીમજી કરમશી શાહ - મુલુંડ

શ્રી શાંતિલાલ શામજી શાહ - મસ્જિદ

માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા - ઘાટકોપર

**નલિયા**

માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા - મુલુંડ

**સાંધવ**

અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા - ઘાટકોપર

માતુશ્રી જમકુંબેન લાલજી પટેલ - મુલુંડ

માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા - મુલુંડ

માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા - ડોમ્બીવલી

માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા - મુલુંડ
માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા - મુલુંડ
શ્રી પ્રકાશ માણેકજી લોડાયા - થાણા
શ્રી ભવાનજી રાઘવજી લોડાયા - મુલુંડ
માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ લોડાયા - લોકાપુર
શ્રી પ્રવીણ માણેકજી લોડાયા - થાણા
શ્રી પદમશી કુંવરજી પટેલ - કલકત્તા

**વારાપધર**

શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા - વાપી
શ્રી ટોકરશી રતનશી લોડાયા - ડોમ્બીવલી
શ્રી અરવિંદ લાલજી લોડાયા - ગાંધીધામ
શ્રી લાલજી વેલજી લોડાયા - ડોમ્બીવલી

**તેરા**

માતુશ્રી લક્ષ્મીબેન વેલજી રતાણી

**સુજાપુર**

શ્રી મુરજી પુનશી લોડાયા - ભાંડુપ

**દલતુંગી**

માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા - ડોમ્બીવલી

**ગોરખડી**

માતુશ્રી ચંપાબાઈ રાયચંદ લોડાયા
હ. નરેન્દ્ર - ઈન્ડોનેશિયા

**કોઠારા**

માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ લોડાયા - વાશી
માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા - મુલુંડ
માતુશ્રી કાંતાબાઈ ગોવિંદજી લોડાયા (અજાણી) - ઘાટકોપર
માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા - ડોમ્બીવલી

**મોટી સિંધોડી**

માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા - ડોમ્બીવલી

**મંઝલ રેલડીયા**

માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા - ડોમ્બીવલી

**રાપર ગઢવારી**

માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા
હસ્તે લહેરચંદ - ડોમ્બીવલી
શ્રી વિરચંદ નરશી લોડાયા - મુલુંડ
માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા - ઘાટકોપર
માતુશ્રી પ્રેમાબાઈ મેઘજી હીરજી લોડાયા - ડોમ્બીવલી
માતુશ્રી ભચીબાઈ હરશી લોડાયા
હ. વિજયાબેન લોડાયા - ભાંડુપ

**સાંયરા**

માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા - રાયપુર
માતુશ્રી જયાબેન શાંતિલાલ લોડાયા - મુલુંડ
માતુશ્રી પ્રેમિલાબેન પદમશી લોડાયા - વાશી
શ્રીમતી મધુરીબેન દિનેશ લોડાયા - મુલુંડ
માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા
હ. હંસકુમાર - ઘાટકોપર
શ્રી મધુકર જવેરચંદ લોડાયા - માટુંગા

**સુથરી**

માતુશ્રી હેમલતાબેન નલિનકાંત પીર - મુલુંડ
શ્રી મયુર ખીમજી પીર - મુલુંડ
માતુશ્રી હેમલતા પ્રતાપ લોડાયા - મુલુંડ

**વરાડિયા**

માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા - ડોમ્બીવલી

**સાંધાણ**

માતુશ્રી દેવકાબાઈ શામજી લોડાયા
હ. ઉત્તમ, રાયચંદ - કલવા

**જખૌ**

શ્રી સુરેશ શિવજી લોડાયા - મુલુંડ

**ભરૂડીયા**

માતુશ્રી પ્રભાવતી મુલજી લોડાયા

**અન્ય દાતાશ્રીઓ**

રૂા. ૫૦૦૦/-
શ્રી મુરજી રાઘવજી લોડાયા - સાંધવ, દાદર,
**M/s. CRL Express Logistic (I) Ltd.,** મુલુંડ
માતુશ્રી રૂકમણીબેન દામજી લોડાયા હ. મયુરભાઈ - નલિયા, મુલુંડ
રૂા. ૨૫૦૦/-
શ્રી વિરલ ભરત લોડાયા - જખૌ, મુલુંડ
માતુશ્રી જમકુંબાઈ પદમશી લોડાયા - સુથરી

લિ. **સમસ્ત લોડાયા પરિવાર સમિતિ**


**કે.ડી.ઓ. મ્યુઝીયમ EXHIBITION CUM SALE OF OLD RARE ITEMS**
**EXPOSING OUR K.D.O. CULTURE & HERITAGE! YOU, YOUR RELATIVES & FRIENDS CAN DISPLAY VARIOUS ITEMS. FOR BOOKING STALL COST RS. 650 & BANNER SIZE 2X3 FT. COST RS. 250 CALL : AMIT DAND M. 9323406052**
**ON SUNDAY 12 JUNE 2016 AT 2ND FLR., BALKRISHNA MANGAL KARYALAYA, DR. RATH ROAD, RAMNAGAR, OPP. RLY. STATION, DOMBIVLI - EAST**
**FREE STALL FOR HOBBY COLLECTIONS**


**મુલુંડમા મહાકાળીની ભાવના :** શ્રી કચ્છીઓ જૈન સર્વોદય મંડળ દ્વારા આયોજન શ્રી અચલગચ્છ આધિષ્ઠાયિકા ભગવતી શ્રી મકાકાળી માતાજીની ભાવના તા. ૧૨-૬-૨૦૧૬ના રવિવારના રાતના ૯ વાગે શ્રી વાસુપુજ્ય જિનાલય મધે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર - માંડવીવાળાએ લીધેલ છે.

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 20/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# હોપ વન થાઉઝન્ડને વહેલી તકે હોપ ફૂલ બનાવીએ

હોપ વન થાઈઝન્ડ કચ્છી દશા ઓસવાલ નાતે વિચારેલ કોઈ પણ સમુદાય જેની ઈર્ષ્યા કરે તેવી ઓછા પૈસે ટાઉનશીપ જેવી રહેઠાણ યોજના ઊભી કરવાની શ્રેષ્ઠ યોજના છે. આજે પણ એની ક્ષમતાનો વિચાર કરીએ તો તેના ખ્યાલ અને આયોજન શક્તિ અંગે દાદ દેવી પડે.

અલબત્ત, જ્યારે મોટા પ્રોજેક્ટરોમાં ધાર્યું ન ઉતરે તે વખતે ઘણા બધા લોકોને એમ લાગે કે આતો ફસાઈ ગયા જેવું થયું છે અને તેઓ હાથમાં આવેલો પહેલો અને સહેલો ઉકેલ કરવા ચાહે એવું બને. આવું જ કાંઈક હોપ વન થાઉઝન્ડની બાબતમાં બન્યું છે. મૂળ આયોજકો હજુ પ્રોજેક્ટની ક્ષમતાઓ પર ભાર દે છે અને પ્લોટ હોલ્ડરોનો સહયોગ માંગે છે. જ્યારે પ્લોટ હોલ્ડરો જલ્દી છુટા થવાનો આગ્રહ કરે છે. આ પ્લોટ ધારકોની અધીરાઈ અને વિશ્વાસ પાછળ આયોજકોએ પારદર્શકતા દાખવી સમય સમય પર પ્લોટ હોલ્ડરોને બંદલતી સ્થિતિનો ખ્યાલ ન આપ્યો તે ભૂલ કારણાભૂત છે.

જો કે હોપ વન થાઉઝન્ડના પ્રોજેક્ટ બાબત ઘણા લોકો, ખાસ કરીને જેમને સૌથી વધુ લાભ થવાનો હતો / છે એવા ડોંબીવલીવાસી જેમ સાવ આશા ખોઈ બેઠા છે, એટલી સ્થિતિ ખરાબ નથીજ. આ આશાવાદનું કારણ એ છે કે હવે બાકી રહેલા પ્લોટ હોલ્ડરોમાંથી મોટા ભાગના રોકાણકારો જ છે અને જો તેમને નિર્ણય પ્રક્રિયામાં સાથે લેવાય તો તેઓ નવું રોકાણ કરી શકે તેમ છે... કરવા તૈયાર છે એ વાતને ધ્યાનમાં રાખીએ તો જરૂર કોઈક વ્યવહારુ તોડ નીકળી શકે તેમ છે.

આમ તો આયોજકો અને પ્લોટ ધારકો વચ્ચે ઘણા સમય પહેલા સમજૂતી થઈ છે કે જો મૂળ યોજના પ્રમાણે આગળ ન વધી શકાય અને વેચાણ કરવું પડે તો ૭૦ ટકા પ્લોટ ધારકોને આપવા તથા ૩૦ ટકા જ્ઞાતિહિત માટે રાખવા.

આવી જ રીતે જમીનની વાંટણી થઈ શકે તો એ ઈચ્છવા યોગ્ય ગણાય. અલબત્ત આવું કરતી વખતે જે સાનુકૂળ ભાગ હોય તે સમાજ માટે રખાવો જોઈએ. બાકીનો ભાગ છૂટા થવા ઈચ્છતા પ્લોટ ધારકોને તેમની સાથે વાટાઘાટો કરી નક્કી કરેલ તે રકમ ચુકવી મોટા રોકાણકારો નવી કંપની બનાવી લઈ લે તો તેઓ પણ ભવિષ્યમાં સારો નફો મેળવી શકે અને નાત ટાઉનશીપ ભલે નહીં પણ એકદમ ખરાબ સ્થિતિમાં રહેતા જ્ઞાતિજનો માટે નાના ફ્લેટોવાળા મકાન મેળવી શકે આમ શ્રેષ્ઠ પરિણામો લાવી શકાય

**– જ્ઞાતિજનોના સર્વસામાન્ય મંતવ્યોનું સંકલન**

## સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

## બીલની ચૂકવણી સમયસર કરો

**વારંવારની વિનંતી છતાં કેટલાક લોકો બીલની ચૂકવણીની બાબતને ગંભીરતાથી લેતા નથી. એ ધ્યાનમાં લઈ નિયમ લાગુ કરવામાં આવ્યો છે કે જે સંસ્થા/વ્યક્તિ/મહાજનની જાહેરાતના બીલની ચૂકવણી બે મહીનામાં નહીં થઈ હોય તેમની આગામી જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં બીલ-બાકી તથા આગામી જાહેરાતની રકમ ભેગી ચૂકવવાની રહેશે.**

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

ગત અંકમાં લોડાયા ગોત્રની ઉત્પતિ અંગે થોડા કથાનક જોયા. વહીંવચાની નોંધ મુજબ આ ગોત્ર રાઠોડ વંશની શાખા છે. વહીઓમાં પૃથ્વીની ઉત્પતિ અંગે નોંધ છે કે આરંભમાં આદિનારાયણના મનમાં સૃષ્ટિ રચવાની ઈચ્છા થઈ એટલે 'નાભિ કમળમાંથી' બ્રહ્મા ઉત્પન્ન થયા જેમણે નમસ્વી સૃષ્ટિ રચી. બ્રહ્માના પ્રથમ માનસ પુત્ર મરીચ થયા. મરીચના પુત્ર કશ્યપ અને તેના પુત્ર સુર્યથી સુર્યવંશ શરૂ થયો. આદિનારાયણથી ૭મી પેઢીએ ઈક્ષ્વાકુ (સૂર્યથી પૌત્ર) થયો ત્યાંથી ઈક્ષ્વાકુ વંશ શરૂ થયો. આદિનારાયણથી ૬૯મી પેઢીએ રામચંદ્ર થયા જેના પુત્ર લવના વંશજો રાઠોડ તરીકે ઓળખાયા.

રાઠોડ શબ્દનો અર્થે પહાડી શાસન કે ઉત્તમ શાસન થાય છે. સ્કન્ધ પુરાણ મુજબ રાજા યોવનાશ્વને ગર્ભ રહેવાથી રાઠ અર્થાત પીઠ ચીરી પુત્ર નિકાલ્યો તેથી રાઠોડ થયું એવા ઉલ્લેખ છે.

એજ વંશમાં ભગવાન નારાયણથી ૨૭૪મી પેઢીએ કહોચંદ્ર થયો જેમણે વિક્રમ સવંત ૫૯૭માં કનોજ વસાવ્યું આગળ જતાં ૩૧૨મી પેઢીએ જયચંદ રાઠોડ કનોજની ગાદીએ આવ્યો. સવંત ૧૧૯૩ (ઇ.સ. ૧૧૩૭)માં મહમદ ધોરીએ કનોજ પર ચઢાઈ કરી જયચંદ રાઠોડને હરાવી રાજ્ય કબજે કર્યું. આમ ૭૦૦ વરસ જુના રાઠોડ સત્તા ચાલી ગઈ. જયચંદ રાઠોડ ભાગ્યો પરંતુ ગંગા નદીમાં ડુબ્યો.

જયચંદથી ચોથી પેઢીએ રાવ સિયાજી થયા જેઓ સવંત ૧૨૧૨ (ઇ.સ. ૧૧૫૬)માં કનોજ છોડી મારવાડમાં આવી પાલી વિસ્તારમાં વસ્યો. ધીમે ધીમે રાઠોડ સત્તા મારવાડ, ઈડર, જોધપુર, બિકાનેર વિસ્તારમાં ફેલાઈ. જૈનાચાર્યોએ સમયાંતરે આ રાઠોડવંશની અનેક શાખાઓને પ્રતિબોધી જૈન બનાવી અને ઓશવાલોમાં મેળવી, રાઠોડમાંથી ૧૬ શાખાઓ નીકળી જેમાંથી ઓશવાલમાં ચુડલા (ચુરલા), સંગોઈ, કકડા, ગંગર, લાપસિયા, ભીધરા, સાયલા, લોડાયા, ધર્મસિંહ (ધરમસી) વિગેરે જોવા મળે છે.

મારવાડમાં મુણોત. છાજેડ, ચામડ, ધાંધલ, હથુડિયા વિગેરે ગોત્ર રાઠોડવંશમાંથી નીકળ્યા છે. શ્રી નારાયણની ૩૨૭મી પેઢીએ રાવ જોધાજી થયા જેમણે વિક્રમ સવંત ૧૫૧૬


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

સેલ સેલ સેલ

**નારી ફેશન - ઘાટકોપર**

ડિઝાઈનર સાડી - ચણીયા ચોળી સ્પેશાલીસ્ટ

**ગીરીશ ગાલા, હેમન ગાલા**

**રજુ કરે છે.**



**ફેન્સી તેમજ ડીઝાઈનર ચણીયા ચોલી, પીટા વર્ક, પારસી વર્ક, ફ્રેન્ચનોટ તથા ડીઝાઈનર સાડીઓ સાથે ફેન્સી બાંધણી, હાફ હાફ બાંધણી, જીણા બંધેજ માં ઉપાડા બાંધણીનો ભરપુર સ્ટોક**

**નારી ફેશન - 022-2501 5570**

**રવિવાર બંધ**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

## ૨૦ કિલો કે તેથી વધુ વજન ઉતારવુ હોય તો લોકો સર્જરી કરાવે છે. જેમાં લાખોનો ખર્ચ પછી હંમેશા ડાયેટ અને છતાં પણ જોઇતો શેપ આવવાનું નક્કી નહીં.

## ગમેતે ઉંમર હોય, ગમે તે બિમારી હોય, ગમે તેટલું વજન ઓછા ખર્ચે, ટૂંક સમયમાં ઘટાડીને પરફેક્ટ શેપ જોઇતો હોયતો **રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં** જ શક્ય છે.



પહેલાં



પછી

**નામ નહીં કામ બોલે છે**

**મહેક શૈલેષ સોની**

**ઉં. વ. ૧૩**

**પહેલા વજન ૮૪ kg.**

**પછી વજન ૫૩ kg.**

**૫ મહીનામા**

**ટોટલ ૩૧ કિલો ઉતર્યા**

**ટોટલ ૧૫૩ ઇંચ ઉતર્યા**



પહેલાં



પછી

"હું જાડી હતી ત્યારે મનેજ ગમતી નહીં ૩ અઠ્ઠાઇ કર્યા પછી પણ આવીજ રહી. હું ગ્રુપમાં સૌથી જાડી હતી. બધા મારી પાછળ મારી મજાક ઉડાવતા. પરંતુ રાજશ્રી યોગામાં આવીને મારી બધી તકલીફો દૂર થઇ ગઇ. મારી પર્સનાલીટી જ નહીં મારી જીંદગીનો અર્થ જ બદલાઇ ગયો. મને ક્યારેય નથી લાગ્યું કે હું વજન ઉતારવાનો કોર્સ કે ડાયેટ કરી રહી છું. મે દરેકે દરેક સેશન માણ્યા છે. મનેજ ખબર પણ ન પડી કે ધીરે ધીરે કેવી રીતે હું સુંદર શેપમાં મોલ્ડ થઇ ગઇ. મારા કપડાની સાઇઝ XXL માંથી (S) સ્મોલ થઇ ગઇ અને મારી ચપ્પલ ની સાઇજ પણ બદલાઇ ગઇ"

લોકોને ૫ કિલો વજન ઉતારવું પણ મુશ્કેલ લાગતું હોય છે. પરંતુ મહેકે સ્કુલના બીઝી શેડયુલ માંથી સમય કાઢીને હસતાં હસતાં આત્મવિશ્વાસથી ૩૧ કિલો વજન ઘટાડીને એની ઉંમરનાઓ માટે તંદુરસ્તીનો મહેકતો મેસેજ આપવા બદલ અભિનંદન.

માત્ર દેખાવજ નહીં પણ જીંદગીના દરેક ક્ષેત્રે સુંદર અને સફળ રહે તેવી શુભેચ્છા.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી. મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦૦૧૪
વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

(ઇ.સ. ૧૪૬૦)માં જોધપુર વસાવ્યું.

સુર્ય વંશમાંથી રાઠોડવંશ, ગોત્ર ગૌતમ, વર્તમાન ગોત્ર લોડાયા, ગુરૂ વશિષ્ઠ, કુલદેવી સતયુગમાં બ્રાહ્મણી, દ્વાપર યુગમાં દેવી પંથણી, ત્રેતાયુગમાં દેવી રહેશ્વરી અને વર્તમાને શરૂઆતમાં દેવી નાગણેચ્યા પાછળથી સચ્ચાય માતા.

રાઠોડવંશની રિયાસતો જોધપુર, બિકાનેર, અજેગઢ, અલીરાજપુર, ઝાબુઆ, રતલામ, સીતામઉ, ઈડર, આમઝરા, પાલી, મંડોર વિગેરે વિસ્તારમાં ફેલાઈ. રામના અન્ય પુત્ર કુશના વંશજો ગહલોત (શીશોદિયા) તરીકે ઓળખાયા.

લોડાયા ગોત્ર કચ્છ આગમન પહેલા પટણી ગોત્ર તરીકે ઓળખાતું. પાટણમાં વસવાટને કારણે પટણી ઓળખ થઈ હશે. ભિન્નમાલના પતન પછી ઓશીયાલથી આવેલ. ઘણા ઓસવાલો પાટણમાં આવી વસ્યા અને ત્યાંથી ઘણા સૌરાષ્ટ્ર તરફ ગયા, ઘણા સૌરાષ્ટ્ર થઈ કચ્છ આવ્યા તો ઘણા પાટણથી થરપારકરથી સિંધ થઈ કચ્છમાં આવ્યા છે. પારકરના વસવાટથી ઘણા ઓસવાલો (કચ્છનાં) માટે 'પારકરાં' શબ્દ વહીઓમાં જોવા મળે છે.

કોરપાર પુત્ર લાડણનો પુત્ર જેવત થયો જે વાંકુથી હાલાર તરફ આવી મોટી ખાવડી ગામે વસ્યા. જેવત શાહ પુત્ર આસધર, પુ. રણમલ પુ. માવા અને તેનો પુત્ર ખીંયાણી થયો. આ ખીંયાણીબાપા મોટી ખાવડી વસ્યા. તેના પુત્રો લાલો, કમુ, માકો, વીરધોર, મેઘો, ભીંયસી, દેઅસી થયા જેમનો પરિવાર ગોરખડી, દલતુંગી, નાની ખાવડીમાં ફેલાયો. સાંધવના લોડાયા ગોત્રની એક પાંખડી હરપાર લખધીર ચરેલીયે વસ્યા તેનાં કડેવા ગોરખડી થઈ ભરૂડીયે વસ્યા. ગોવધો લખધીર સાંધવથી ગોરખડી વસ્યો.

લોડાઈકા શાહના પુત્ર લાલાના પુત્ર આસમલાણીનાં પુત્ર હધોના પૌત્રો વરાડિયા, સુજાપુર વસ્યા. આ લાલાના પાંચમા વંશજ સાંગા દેશરાણી વાંસે માતા હીરબાઈ સાંધવમાં સવંત ૧૬૪૫ (ઇ.સ.૧૫૮૯) માં સતિ થયા છે.

ખેડુતની જમીનના પુત્રોમાં ભાગ પડે છે, ગરીસીયાના ગામોમાં ભાગ પડે છે તેમ એક જ ગોત્રની વહીઓ રાખનારા વહીવંચાની વહીઓ સંતાનોમાં ભાગમાં વહેંચાય છે તેથી એક જ ગોત્રની જુદી જુદી પાંખડીઓ જુદા જુદા ભટો વચ્ચે વહેંચાઈ ગઈ છે. લોડાયા ગોત્રની વહીઓ ત્રણ ભટો (બારોટ) પાસે છે. આવી તમામ વહીઓનો અભ્યાસ કરવાનો મોકો મળ્યો નથી. એટલે લોડાયા ગોત્રની પુરી વિગત પ્રાપ્ત થઈ શકી નથી. મેં પ્રયાસો કર્યા છે પંરતું વિગતો આપવાથી પોતાની આવકો જતી રહેશે એ ભયે બારોટોનો પુરો સહકાર સાંપડયો નથી તેથી જે વિગતો મળી છે તે રજૂ કરી છે.

મોટી ખાવડીના રૂપસી માણેક મેરગ લોડાયાનો જન્મ સવંત ૧૯૪૬, વૈશાખ સુદ ૧૫ રવીવાર, તા. ૪-૫-૧૮૯૦ તથા એમના ભાઈ પોપટ માણેક મેરગનો જન્મ સં. ૧૯૫૪ પોષ સુદ ૫સ મંગળવાર તા. ૨૮-૧૨-૧૮૯૭ના થયો. પુત્ર પોપટનું નામ ભટના ચોપડે મંડાવી ભટને રગવારી (સારી ચાલ-રેવાલવારી) ઘોડી, સામાન (પલાણ) શીખે, પહેરામણી તથા




સવંત : ૨૦૭૨ ।। શ્રી આદિનાથાય નમો નમ:।। સન : ૨૦૧૬

## શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોન: ૦૨૮૩૧-૨૮૨૩૧૮

તા. ૧૧-૦૫-૨૦૧૬

### સાંયરા તિર્થે ચાર્તુમાસ પ્રવેશ નિમીત્તે ભાવભર્યું આમંત્રણ

ધર્માનુંરાગી સ્નેહીસ્વજન,

**સાંયરા તિર્થે આવ્યા છે અવસર આનંદ કારી.... ચાર્તુમાસે પધારસે ગુરૂભગવંત મંગલ કારી.....**

સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ, સુર્વણ વર્ષીય તપ આરાધક **પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ના આજ્ઞાનુંવર્તીની વિદુષી **પ.પૂ. સા. પુષ્પાશ્રીજી મ.સા.**ના શિષ્યા, દિર્ઘ સંયમી **પ.પૂ. સા. શ્રી હંશાવલીશ્રીજી મ.સા.** આદિ ઠાણા નો ચાર્તુમાસ સાંયરા મહાજનને પ્રાપ્ત થતા સાંયરા સંઘમાં આનંદની લહેર પ્રસરી છે. સૌના હૈયા હિલોળે ચઢયા છે. મન મયુર નાચી ઉઠયા છે. સાંયરા સંઘ / મહાજનને ચાર્તુમાસ આપવા બદલ **પ.પૂ. ગચ્છાધિપતિનો** હમેશાં ઋણી રહેશે.

**પ.પૂ. સા. શ્રી હંશાવલીશ્રીજી મ.સા.** આદિ ઠાણાનાં મંગલમય પ્રવેશ આષાઢ સુદ - ૧૨, તા. ૧૬-૦૭-૨૦૧૬ના શનિવારની સોહામણી પ્રભાતે સવારના ૮-૧૫ કલાકે શરણાઈના મધુર સુરે, ધબુકતા ઢોલની તાલે, શણગારેલાં બેડાં અને સોહામણી બાંધણી પહેરેલી બહેનો, દાંડિયા રાસની રમઝટ સાથે ગામવાસી ભાઈઓ, નિયાણી બહેનો, ગુરૂભક્તો, જ્ઞાતી બધુંઓ, વિવિધ ગામના આમંત્રિત મહાનુભાવ મહાજન અને મોંઘેરા મહેમાનની હાજરીમાં વાજતે ગાજતે ભવ્ય સામૈયામાં સહભાગી થવા બહોળી સંખ્યામાં પધારવા સૌને સ્નેહભર્યું આમંત્રણ છે.

આ સમગ્ર ચાર્તુમાસના સાધર્મિક ભક્તિના **દાતાશ્રી માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવાર - સાંયરા** એ મોંઘેરો લાભ લીધો છે. સાંયરાતીર્થે ગુરૂ ભગવંતના મંગલમય ચાર્તુમાસ પ્રવેશ / પયુર્ષણ માં પધારવા આપની ટિકિટ વેળાસર કઢાવી લેવા નમ્ર વિનંતી છે.

પ.પૂ. ગુરૂ ભગવંતના તા. ૧૬-૭-૨૦૧૬ ના શનિવારના સાંયરાતીર્થમાં પ્રવેશમાં પધારનાર સમગ્ર સાંયરાવાસી, નિયાણી સપરિવાર બહેનો, આમંત્રિત મહેમાનો, મહાજનશ્રી, ગુરૂ ભક્તો ને સવારના ૭.૦૦ થી ૮.૦૦ ક. દરમ્યાન નવકારશી નો લાભ લેવા નમ્ર વિનંતી છે.

**નિમંત્રક : શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

**-: સંપર્ક સેતુ :-**

**શ્રી વાલજી ખોના-૯૮૨૦૪ ૩૮૭૮૪ | શ્રી રતિલાલ ધ્રોળ - ૯૮૨૦૮ ૬૫૮૦૬ | શ્રી દિનેશ પટેલ - ૯૮૨૦૬ ૭૮૦૫૧**

**શ્રી હીરાચંદ શાહ-૯૮૧૯૧ ૭૦૪૭૦ | શ્રી બિપીન મોમાયા -૯૮૨૦૧ ૮૮૮૨૬ | શ્રી કાંતિલાલ સોની -૯૩૨૧૧ ૬૩૮૧૧**

**શ્રી પદમશી લોડાયા - ૯૯૩૦૮ ૦૫૦૦૫**

UPASANA - 9820167767

થાળી સાકર ભરેલી આપી. માણેકબાપાનાં ચાર વહાણો હતા જે મલબાર-કરાંચી અને અખાતના બંદરોની સફર ખેડતા. શંભુદાન ભટ (બારોટે) મને જણાવેલ કે આજથી ૯૦ વરસ પહેલાં તેઓ ખાવડી ગયેલ ત્યારે માણેકબાપાના ફળિયામાં આ વહાણનો સામન- કુવાથંભ વિગેરે પડેલા એમણે નજરો નજર જોયેલા. વહાણોના નાખવા વાઘેરો હતા જે ખૂબ માથાભારે પ્રજા ગણાતી. અંગ્રેજો અને ગાયકવાડી સત્તાવાળાઓને એમણે હંફાવેલા. આવી માથાભારે કોમ સાથે વાહણવટુ ખેડનારા માણેકબાપા ખૂબ જ નીડર અને સાહસી હતા. તેઓ નાણા ધીરધારનો ધંધો કરતા અને કોઈની ધાક ધમકીથી ડર્યા વગર નાણાની વસુલી કરતા એમની વંશાવલી નીચે મુજબ છે :

૧) હિરેન - કાંતીલાલ - નાથાલાલ - રૂપસી - માણેક - વીરધોર - ખીંયા - માવા - રણમલ - આસધર - જેવત - પચાણ - ડુંગર - લાડણ - કોરપાર - આસીઓ - ઉધરીયો - ભોરકીયો.

૨) ગોરખડીના વિજય - મેઘજી - ખેરાજ - દેવસી - લખધીર - ભીંયસી - ખીંયા - માવા (આગળ ઉપર મુજબ છે).

૩) દલતુંગીની પાંખડી રાયચંદ - લાલજી - કેશવજી - મેઘજી - આસારીયા - વીરધોર - ખીયા (આગળ ઉપર મુજબ છે)

૪) દલતુંગીની અન્ય પાંખડી : નવિન - ધનજી - વેલજી - મુરજી - લખધીર - ભીંયસી - ખીંયા - માવા (આગળ ઉપર મુજબ છે)

૫) દલતુંગીની અન્ય પાંખડી : અરવિંદ - રાયચંદ - કરમસી - લધા-દામજી-ભીંયસી-ખીંયા-માવા (આગળ ઉપર મુજબ છે)

૬) વાંકુના દેવસી - ખીમજી - ભારમલ - રતનશી - ઠાકરસી - મુરજી - હધા - વકીયા - રાજદે - પચાણ - ડુંગર (આગળ નં. ૧ મુજબ)

૭) વાંકુના કેશવજી - લખમણ - લાલજી - રણસી - હંસરાજ - કરમસી - રાજસી - મેઘા - રાજદે - પચાણ (આગળ નં. ૧ મુજબ)

૮) સુથરીના મયુર - નરસી - પદમસી - હરભમ - ભીંયસી - સવરાજ - હંસરાજ - તેજપાર - ધનપાર - ઘેલા - ડાઈયા - કાનડ - જેઠા - આદત - પોતો (ભલારાવાળા) - આસીયો - ઉધરીયો - ભોરકીયો.

૯) રવાના મહેન્દ્ર - બંકીમચંદ - કેશવજી - ચાંપસી - માલસી - માંયા - પુનશી - ભારા - પેથડ - સારંગ - ઉદેશી - નાયક હભુ - આદત - પોતો - આશીયો (આગળ નં. ૮ મુજબ)

ઉપરોક્ત બધી પાંખડીઓ ભલારા દાદાનો પરિવાર છે હજુ વધુ પાંખડીઓ હશે પરંતુ તમામ વહીઓ મળે તો મેળવી શકાય. ઉપરોક્ત વિગત પરથી જણાય છે કે ભલારા પરિવાર પ્રાયઃ વાંકુ, મોટી ખાવડી, સુથરી, રવામાં વધુ સંખ્યામાં છે. આ પરિવાર મુળ પુરૂષ ભોરકીયાના પુત્ર ઉધરીયાનો પરિવાર છે. ભોરકીયાનો અન્ય પુત્ર ખેતુના પરિવારની વિગત જોઈશું આવતા અંકે.

- ક્રમશઃ


।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## સાંધવ ગામે ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે તેમજ ચાતુર્માસ અને પર્યુષણ પર્વની આરાધના કરવા આમંત્રણ

સાંધવ ગામવાસીઓને જણાવતા અત્યંત હર્ષ થાય છે કે અચલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાએ તપસ્વી સમ્રાટ પ.પૂ. આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા આશીર્વાદ તેમજ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભ આશિષથી આપણા સંઘને વર્ધમાન તપોનીધી ૧૩૬ ઓળીના આરાધક પ.પૂ. અભયગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. એવમ પ.પૂ. સાધ્વીશ્રી જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા. આદિઠાણા - ૨ નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે.

**ચાતુર્માસ પ્રવેશ શુભદિવસ અષાઢ સુદ - ૧૨ને શનિવાર તા. ૧૬-૦૭-૨૦૧૬**

**''સોળમાં શાંતિનાથ, સોળની સાલ, સોળ તારીખ ના'' સવારના ૧૧.૦૦ કલાકે,**

**બપોરના ૧.૩૦ કલાકે નમિઊણ મહાપૂજન, રાત્રે મહાકાળી માતાજીની ભાવનાને પ્રભુજીની ભક્તિ ભાવના.**

સંપૂર્ણ ચાતુર્માસના દાતા પરિવાર : **માતુશ્રી જમકુબાઈ લાલજી શામજી પટેલ પરિવાર**
**હસ્તે ગં.સ્વ. વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ • શ્રીમતી વિજયાબેન ગોવિંદજી લાલજી પટેલ**

આ રૂડા અવસરને વધાવવા, સાંધવવાસીઓ, નિયાણી બહેનો, દાતા પરિવારના સગા સંબંધી, સ્નેહીજનો તથા સકલ સંઘને સાંધવ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરવા ભાવભર્યું આમંત્રણ.

ચાતુર્માસની આરાધના કરવા, તેમજ પર્વાધિરાજ પર્વમાં ધર્મની આરાધના કરવા પુણ્યનું ભાથું બાંધી લેવા ૧૫૦ વર્ષની સાંધવની ભૂમિને સ્પર્શના કરવા સર્વે જરૂર થી પધારજો.

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન પ્રમુખ શ્રી શામજી નરશી દંડ તથા**
**માતુશ્રી જમકુંબાઈ લાલજી શામજી પટેલ (લોડાયા) પરિવારના જય જિનેન્દ્ર !**

**આરોગ્ય પ્રકાશ : જાડાપણુ અને તેના આયુર્વેદિક તેમજ આધુનિક ઉપાય**

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

શરીરમાં જાડાપણું છે કે નહીં એ જાણવા બે રીત છે. સારી રીત પુરૂષની ઉંચાઈ ઈંચમાં જેટલી હોય એટલા કિલોથી વધુ વજન હોય અને સ્ત્રીઓમાં ઈંચમાં ઉંચાઈમાંથી ૧૦ બાદ કરીએ. એટલા કિલોથી વધુ વજન એટલે જાડાપણું ગણાયું. વધુ ચોકકસાઈથી જેવું હોય તો 'બોડી માસ ઈન્ડેકસ' (બી.એમ.આઈ) જણાવો જોઈએ. કિ.ગ્રા.માં વજન / મીટરમાં હાઈટ = બી.એમ.આઈ કિલોગ્રામમાં આપણું વજનને મીટરમાં આપણી હાઈટના વર્ગથી ભાગીએ એટલે આપણ બી.એમ.આઈ. મળે. આ ૧૯.૮૫ થી ૨૩ની વચ્ચે રહેવું જોઇએ. ૨૫થી વધુ હોય તો શરીરમાં જાડાપણુ અને ૩૨.૫ થી વધુ હોય તો અતિશય જાડાપણું છે એ ગણાવું. જાડાપણામાં પણ પેટપર ચરબી વધુ હોય તો એ વધુ નુકશાનકારક છે. પુરૂષોમાં પેટનો ઘેરાવો ૯૦ સે.મી. અને સ્ત્રીઓમાં ૮૦ સે.મી. થી ઓછો હોવા જોઇએ.

જાડાપણાથી હાઈ બી.પી., ડાયાબિટીઝ, સંધીવાત, લીવર અને ગોલબ્લેડરની બિમારીઓ, હાર્ટઅર્ટક, સ્ટ્રોક અને અમુક જાતના કેન્સર પણ થઈ શકે છે. જાડાપણાને કારણે જીંદગીના સરેરાશ આઠેક વર્ષ ઘટી જાય છે. સ્થુળતાને કારણે જીંદગીના કિંમતી ૨૦ વર્ષ ડાયાબિટીઝ અને હૃદયરોગ જેવી જીવલેણ બિમારીઓમાં વિતાવવાની શક્યતાઓ વધી જાય છે. કેનેડોમાં મોન્ટ્રીઅલ યુર્નિવસિટીના સંશોધકોએ થોડા સમય પહેલા કરેલા અભ્યાસમાં ૧૮.૫ થી ૨૫નો બી.એમ.આઈ ધરાવતા લોકોને સ્વસ્થ લોકોની કેટેગરીમાં મુક્યા છે જ્યારે ૩૦ કે એથી વધુ બી.એમ.આઈ ધરાવતા લોકોને ડાયાબિટીજ અને હૃદયરોગ તરફ વધારે સંવેદનશીલ માનવામાં આવ્યા હતા. આ લોકોના આયુષ્યમાં ૫ થી ૮ વર્ષ ઓછા થવાનું અનુભવ કરાયું હતું.

યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચઓન કેન્સરના તથા અન્ય અભ્યાસ પ્રમાણે ગયા વર્ષે સ્થૂળતાના કારણે ૫ લાખ લોકોને કેન્સર થયું. 'ધ લેન્સેટ ઓન્ડોલોજી જર્નલ'માં પ્રકાશિત અહેવાલના અનુસાર સંશોધનકારોએ સ્થૂળતા અને કેન્સર વચ્ચે સંબંધ હોવાની જાણકારી મેળવી. વિકસીત રાષ્ટ્રોમાં ૨૦૧૨માં કેન્સરના કુલ કેસોમાં ૪થા ભાગના કેસ જાડાપણાને કારણે હતા. જાડા પુરૂષો કરતાં જાડી મહિલાઓમાં કેન્સર થવાનું જોખમ વધુ રહેલું છે. ગર્ભાશય અને સ્તનનું કેન્સર અને પુરૂષોમાં, કીડનીનું, કેન્સર હોય છે એમ જણાવું.

**જાડાપણ દુર કરવાના ઉપાય :** રોજ સવારના ખાલી પેટે

## વાર્ષિક સામાન્ય સભા (Annual General Meeting)

**શ્રી ક.દ.ઓ. જી. વી. સી. જૈન સંઘની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૨/૦૫/૨૦૧૬ના સવારના ૯.૦૦ વાગે નીચે જણાવેલ સ્થળ પર રાખવામાં આવેલ છે. સવારે ૮ થી ૯ કલાક નવકારશી રાખવામાં આવેલ છે.**

**એજેન્ડા (કાર્યસૂચી)**

**૧) ગત સામાન્ય સભાની મીનીટસ નું વાંચન તથા બહાલી.**

**૨) ૧/૪/૨૦૧૫ થી ૩૧/૩/૨૦૧૬ ના હિસાબોની રજુઆત તથા બહાલી.**

**૩) સભાના પ્રમુખશ્રી ની પરવાગનગીથી અન્ય વિષયો પર ચર્ચા.**

તા. ૧/૪/૨૦૧૫થી તા. ૩૧/૩/૨૦૧૬ના હિસાબી પેપર જનતાને જોવા માટે તા. ૧૮/૫/૨૦૧૬થી તા. ૨૦/૫/૨૦૧૬ સુધી અનંતછાયા ઑફીસમાં સવારે ૯ થી ૧ કલાકે રાખવામાં આવશે.

**સ્થળ : ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, એ.સી. બૅંકવેટ હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.**

**વાર્ષિક સામાન્ય સભા બાદ**

SHREE K.D.O.- G.V.C. JAIN SANGH GVC

# HEALTH CARE

**૧) જી.વી.સી હેલ્થ કેઅર કાર્ડ બાબતે વિસ્તૃત જાણકારી**

**૨) ડૉક્ટર તરફથી હેલ્થ કેઅર બાબતે સંબોધન**

**૩) જી.વી.સી હેલ્થ કેઅર કાર્ડનું વિતરણ**

**૪) ડૉક્ટર તથા હેલ્થ કેઅર ટાય અપ વાળાનું બહુમાન**

**શ્રી ક.દ.ઓ. જી. વી. સી. જૈન સંઘ વતી**
**સેક્રેટરી**

નવસેકા પાણીમાં ૧ આખું લીંબુ નિચોવી ૧ ચમચી ચોખ્ખુ મધ નાખી પીઓ. મધ ચોખ્ખું છે એની ખાત્રી કરી લેવી નહીં તો નુકશાનકારક અને ડાયાબિટીઝ હોય એમણે મધ વગર લેવું. બરફ જેવા ઠંડા પાણીથી નહાવાથી વજન ઝડપથી ઘટે છે. નહાવાનુ ઠંડું પાણી શરીરની બ્રાઉન ફેટને સક્રિય બનાવે છે એ ૨૦૧૪માં કરાયેલા એક સંશોધનમાં જણાયું. આ ચરબી કેલેરી જમા કરીત નથી એ કેલેરીના વપરાશમાં મદદ કરે છે. સંશોધકો માન છે કે આ ઉપાય વ્યાયામનું સ્થાન ન લઈ શકે પણ ઠંડા પાણીથી સ્નાન કરવાથી થયા પચયની ક્રિયા વધે છે અને વજન ઘટવામાં મદદ મળે છે. દમ, કફ વાળાએ આ ઈલાજ ન કરવો.

**કસરત :** પેટની ચરબી ઘટાડવા બને તેટલો ઊંડો શ્વાસ અંદર લ્યો અને પેટને પણ અંદર તરફ ખેંચવાનો પ્રયાસ કરો. થોડીવાર એમજ પકડી રાખો પછી રીલેક્સ થાવ. આમ ૫ થી ૧૦ વાર સવાર-સાંજ કરો. ચાલો, બ્રીસ્કવૉક કરો. રોજ કપાલભાંતિ, પવનમુક્તાસન, ભુજંગાસન, શલભાસન, ધનુરાસન, પશ્ચિમોતાનાસન, મંદુકાસન, વજાસન, પાદહસ્તાસન કરો.

નાસ્તાથી અડધા કલાક પહેલાં ૧ નાની ચમચી તજ પાવડર કોમળ પાણી સાથે લ્યો. તજ ચરબી ઓગાળવામાં મદદ કરે છે. રોજ ૧ કટોરો ચણા આરોગો. તાંતણા (ફાયબર) સાથે ઝીંક મળશે જે ચરબીને સંતુલીત કરે છે રોજ કળથીનો સુપ પીઓ. ખૂબ ગરમ છે પિત્ત પ્રકૃતિવાળાએ, સગર્ભાએ, શરીરમાં રક્તસ્ત્રાવ હોય એણે ન લેવો. કળથીને મગની જેમ કુકરમાં બાફી મિક્સયરમાં વલોવી પ્રવાહી બને તેને સહેજ તલના તેલમાં લસણ, હીંગનો વઘાર કરી ધીમા તાપે ઉકાળી ગરમ ગરમ પીઓ અથવા બાફેલા કે વઘારેલા મગની જેમ એનું શાક બનાવી કે સહેજ મીઠું નાંખી પલાળી થોડીવાર સૂકવી પોચી પડેલી કળથીને શેકી સ્વાદિષ્ટ બનાવી ખાઓ. તુલસીના ૫-૬ પાન દહીં કે છાશ સાથે નિયમિત ખાઓ.

ડચ સંશોધકોએ થોડા વખત પહેલાં કરેલ ૧ અભ્યાસમાં ૨૪ પુરૂષો અને મહિલાઓને ભોજન લેવાના આધા કલાક પહેલા અલગ અલગ રીતે લાલ મરચું ખાવા આપ્યું. કેટલાકને ટમેટાના જ્યુસમાં લાલ મરચું નાખીને તો કેટલાકને કેપ્સ્યુલમાં લાલ મરચું ભરીને આપ્યું. ત્યારે જણાયુ કે ટમેટાના જ્યુસમાં લાલ મરચું ખાનારાઓને બીજા ગ્રુપની સરખામણીએ ૧૦ થી ૧૪% ખોરાક ઓછો લીધો અને એમનું જાડાપણું ઘટયું.

જમવામાં રોજ જવની રોટલી કે ભાખરી ખાઓ. લંડનની ઈમ્પારીયલ કૉલેજમાં થયેલ રિસર્ચ અનુસાર વજન ઘટાવડવા મિઠાઈથી સાવ દૂર રહેવું જરૂરી નથી (જાડાપણા સાથે ડાયાબિટીઝ હોય એમણે મીઠાઈથી દૂર જ રહેવું). પણ મિઠાઈ ભોજન પહેલા ખાવ તેનાથી ભુખ ઓછી લાગે છે. સંશોધનમાં જણાવ્યા મુજબ શરીરને ખરેખર તો એનર્જી માટે ગ્લુકોઝની જરૂર હોય છે. મિઠાઈ ખાવાથી મગજ શરીરને સિગ્નલ આપ છે કે હવે શરીરને ઓછી કેલેરીની જરૂર છે એથી બાકીનું જમણ ઓછું ખવાય છે અને વજન ઘટે છે. રિલેક્સ થઈ ધીમે ધીમે ચાવીને


જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા**

આયોજીત **સ્નેહમિલન** તથા

**શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ**

આયોજીત **૧૦મો વાર્ષિકોત્સવ**

**રવિવાર, તા. ૨૨મી મે ૨૦૧૬, બપારે ૨.૩૦ કલાક થી**

**શુભ સ્થળ : જૈનમ હોલ (ગ્રાઉન્ડ ફ્લોર), ભાંડૂપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.**

**સ્નેહમિલનના માનમંતા વિશેષ આમંત્રિત મહેમાનો**

**શ્રી જયંતભાઈ ભવાનજી સોની** — **શ્રી અનિલભાઈ દામજી વિકમશી**

**શ્રી શામજીભાઈ નરશી દંડ** — **શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા**

**શ્રી જયકુમાર હરીશ ડાઘા**

સર્વે વરાડીયાવાસી ભાઈ-બહેનોને સપરિવાર તથા વરાડીયાની પરિણીત નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

કાર્યક્રમ દરમ્યાન ઢોલ શરણાઈના તાલે રાસ ગરબાની મોજ તથા સાંજે પ્રીતિ ભોજનનો આસ્વાદ. (ચોવિહારની સુવિધા)

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,** વરાડીયા

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ ને મહાજન ફંડસ્ ટ્રસ્ટ • શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ**

ખાવાથી મગજ શરીરને એવું સિગ્નલ આપે છે કે પેટ ભરાઈ ગયુ છે માટે ધીમે ધીમે ચાવીને ખાવાથી વજન ઘટવામાં મદદ થાય છે.

**કાર્બોહાઈડ્રેટસથી બચવું હોય તો** ભાત, બટેટા જેવી સ્ટાર્ચવાળી ચીજો ખાવી હોય તો તેમાં લીંબુ નીચોવી ખાવું જેથી લાંબા સમય સુધી પેટ ભરેલું હોવાનો અનુભવ થાય છે. લીંબુ વિનેગર જેવા ખાટા પદાર્થ કાર્બોહાઈડ્રેટસની શરીરમાં પચવાની ક્રિયા ધીમી કરી દે છે જેથી જલ્દી ભુખ લાગતી નથી. બટેટા તળીએ (ચીપ્સ, ભજીયા વગેરે) અને એમાં મીઠુ ઉમરીએ, મસાલા નાખીએ એટલે એ નુકશાનકારક બને છે. બાફેલા બટેટા, ભાત પ્રમાણસર લેવામાં કાંઈ વાંધો નથી. સાકરનું પ્રમાણ પણ ભોજનમાં જેટલું ઓછું એટલું આરોગ્ય માટે સારું અને વજન પણ ઘટે. ટીવી જોતાં જોતાં વધુ ખવાઈ જવાય છે માટે ટીવી જોતા ન જમો.

જમ્યા પછી નાની ૧ ચમચી સૂંઠ ખાઓ જેથી ખાવાનું પચી જાય. ખાવાનું પચતું નથી એટલે જ બધી બિમારીઓ થાય.

**ઠંડુ પાણી :** જમ્યા પછી ઠંડુ પાણી કે સરબત ન પીવા ફ્રીઝ કે બરફના ઠંડા પાણીનો ત્યાગ કરો. સાદું કે હુંફાળું પાણી દિવસ દરમ્યાન પીવું જોઈએ. જમ્યા પછી સહેજ ગરમ પાણી કે ચા-કોફી આરોગ્યદાયી છે, ઘણી બિમારી દૂર કરે.

**ચોવિહાર :** સવારના બરોબર જમો, બપોરના મધ્યમ જમો અને સાંજના હલ્કુ જમો, બને એટલું વહેલું જમો, ચોવિહાર ઉત્તમ છે. વહેલા ને હળવું જમવાથી ખાધેલુ પચી જાય છે અને શરીરમાં ચરબી જમા નથી થતી.

મીઠું : બ્રિટીશ સંશોધન જણાવે છે કે દરરોજ ૧ ગ્રામ મીઠું ૨૫% વજન વધારી શકે. રોજનું ૪ ચપટી મીઠું બસ છે. હાઈ.બી.પી. વાળાએ દાળ અને શાકમાં સહેજ મીઠું લેવું બાકી વધારાનું નહીં. મીઠાથી પાણીનો શરીરમાં સંગ્રહ થાય છે એટલે બી.પી. વધે અને બી.પી. લાગુ પડે એટલે એની સાથે સાથે મેટાબોલીક ડીસીસીંસ જેવા કે ડાયાબિટીઝ, હૃદયરોગ, હાઈ કોલેસ્ટ્રોલ, જાડાપણું શરીરમાં જલ્દી પ્રવેશે એટલે કે લાગુ પડે છે. મીઠાની વસ્તુઓ એટલે ફરસાણ લઈએ સાથે ઘણુ ખટ્ટુંખારું ગળ્યુ. મીઠાઈ ખવાય. આ ખાવાના ચકકરમાં વજન વધે છે.

મીઠું પાચન તંત્ર પર અસર કરે છે. પાચન દરમ્યાન કેટલી ફેટનો સંગ્રહ કરવો એ આખી પ્રક્રિયાને અસર થાય છે. મીઠાની વસ્તુ, ફરસાણ ખાઈએ એટલે સાથે ઠંડા પીણાં-કોલ્ડ્રીંક લેવાનું મન થાય, એટલે વજન વધે. ખોરાકમાં મીઠાનું પ્રમાણ આ બધા કારણોને લીધે ઘટાડો.

તળેલું : ખાવામાં તળેલું બિલ્કુલ બંધ કરો. તળેલી ચીજોમાં પૌષ્ટિકતા ઓછી હોય તેલથી કોલેસ્ટ્રાલ ટ્રાયગ્લીસરાઈડ (ચરબી) શરીરમાં વધે. એકવાર તેલમાં તળીએ અને વધેલા તેલમાં વળી બીજી કોઈ વસ્તુ તળીએ એ કેન્સરને આમંત્રણ છે. વધેલું તેલ આપણે ફેંકતા નથી તો વ્યાપારીઓ તો એ વાપરવાના જ માટે બજારૂ તળેલી ચીજો આરોગ્ય માટે


॥ નમો નમઃ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ॥

## શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

**શ્રી રંગપુર નગરે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના માટે સ્નેહભર્યું આમંત્રણ**

**તા. ૨૯-૮-૨૦૧૬ થી તા. ૭-૯-૨૦૧૬**

શ્રી રંગપુર નગરે, **શ્રી ભીડભંજન પાર્શ્વનાથ** અને **શ્રી મહાવીર સ્વામી ભગવાનના દરબારે, શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણસાગર સૂરીભ્યોના આર્શીવાદથી, આચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** અને **યુવાચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીની આજ્ઞા-આશીષે** તેમજ શ્રી રંગપુર સંઘવત્સલ **પ.પૂ. સા.શ્રી દિવ્યગુણાશ્રીજી** અને **શ્રી કોટીગુણાશ્રીજીની** મંગલ ભાવનાથી, વડીલ સ્થાપક ટ્રસ્ટી મહાશયોની અમી દ્દષ્ટીથી દર વરસની જેમ આ વરસે પણ પર્વાધિરાજ પર્યુષણ પર્વ ધામધુમથી ઉજવાશે.

પર્યુષણ પર્વની શરૂઆત શ્રાવણ વદ ૧૩ને મંગળવાર તા. ૩૦-૮-૨૦૧૬ના થાય છે અને પુર્ણાહુતી ભાદરવા સુદ ૬, બુધવાર તા. ૭-૯-૨૦૧૬ ના થશે. આ દશ દિવસ દરમ્યાન ત્રણે ટાઈમ સાધર્મિક ભક્તિ સંઘ તરફથી રહેશે. **દરરોજની સાધર્મિક ભક્તિની નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખેલ છે** સર્વેને લાભ લેવા વિનમ્ર વિનંતી.

પર્વ દરમ્યાન દરરોજ સામાયિક, પ્રતિક્રમણ, આરતી-મંગળદીવો, ભક્તામર સૂત્રપાન, વ્યાખ્યાન, રાત્રી ભાવના, પ્રભાવના, કલ્પસૂત્ર પોથી પારણાનો વરઘોડો અને વાંચન રહેશે, શનીવાર તા. ૩-૯-૨૦૧૬ ના મહાવીર સ્વામી ભગવાનનું જન્મ દિવસ અને મંગલકારી સપના વગેરે ઉતારવામાં આવશે.

પર્વમાં વિધિ વિધાન માટે વિશિષ્ટ આરાધકોને અને સંગીતકારને બોલાવવામાં આવશે.

આ મહામંગલકારી અવસરે સર્વે રંગપૂરવાસી ભાઈ-બહેનો તેમજ નિયાણી બહેનોના પરિવારજનો તેમજ આપના નજીકના વ્હાલા સગા વ્હાલાને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. રેલ્વેના નિયમો પ્રમાણે વહેલી તકે આપની ટીકીટો કઢાવી લેશો અને આપના નામો ભાઈશ્રી નીતીન ભાયચંદ ધરમશી - મો : ૯૮૯૨૯૫૦૮૧૪ ને લખાવવા વિનંતી. સાધારણ ફંડમાં આપનો અમુલ્ય ફાળો લખાવવાની કૃપા કરશોજી.

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને મહાજનવાડી ટ્રસ્ટ વતી**
**ટ્રસ્ટીગણ તેમજ કારોબારી સભ્યોનો જય જિનેન્દ્ર વાંચશોજી.**

**તા.ક. : આ વરસે શ્રી રંગપુર જિનાલયની મુખ્ય ધ્વજાનો લાભ માતુશ્રી નવલબેન ભાયચંદ લાલજી ધરમશી , રંગપુર - ડોમ્બીવલી પરિવારે લાભ લીધો છે. અભિનંદન અને અનુમોદના વર્ષગાંઠ દિવસ વૈશાખ સુદ ૧૧, તા. ૧૭-૦૫-૨૦૧૬.**

UPASANA - 9820167767

નુકશાનકારક છે.

યુનિવર્સીટી ઓફ મેસેચ્યુસેટ્સમાં થયેલ સંશોધન અનુસાર લાંબો સમય બેસી રહેવાથી માંસપેશીએ ફેલાઈ જાય છે અને શરીરમાં નકારાત્મક પરિવર્તન થાય છે. ચયાપચયની ક્રિયા પર તેની અસર થાય છે. ઊભા રહેવામાં કે ચાલવામાં, કસરત કરવામાં શરીરને વધુ એર્નજીની જરૂર પડે છે, વધુ કેલેરી વપરાય છે અને જાડાપણું દુર થાય છે ૪૫ મિનિટથી વધુ એક જગ્યાએ બેસવું નહિં, ઉઠીને ચાલો કે ખુરશી કે જગ્યા બદલો તે પણ ફાયદાકારક.

આપણે જ્યારે ટેન્શનમાં હોઈએ ત્યારે શરીરમાં સ્ટ્રેસ હોરમોન કોર્ટીઝોલનુ સ્તર વધે છે. લોંસ એન્જેલોસની યુનિવર્સીટી ઑફ કેલીફોર્નિયામાં થયેલ સંશોધન અનુસાર પેટર્ન માંસપેશીઓ કોર્ટીઝોલ હોરમોન પ્રત્યે સંવેદનશીલ હોય છે. એજ કારણે આપણે સતત ટેન્શનમાં રહીએ તો આપણા પેટ પરની ચરબીમાં વધારો થાય છે. પાતળા થવું હોય તો કોઈપણ રીતે સ્ટ્રેસ-ટેન્શન ઘટાડો. ધ્યાન મેડીટેશન કરો, સંગીત, ભક્તિ-સંગીત સાંભળો તેમજ મનને ખુશી આપે તેવું કોઈપણ કાર્ય કરો. હાલનું વિજ્ઞાન કહે છે કે મન-મગજની અસર શરીર પર થાય જ છે. પોઝીટીવ થીન્કીંગ રાખો. આનંદમાં રહો, ગુસ્સો ઈર્ષ્યા, બળતરા  જેવા નેગેટીવ ઉર્જા ઉત્પન્ન કરતાં પરિબળોથી દૂર રહો. સંતોષ હંમેશા મનને ખુશ રાખે છે. તેથી સંતોષી બનો.

પાતળા રહેવા માટે સારી ગાઢ ઊંઘ ખૂબજ જરૂરી છે. નહિંતો થાક લાગશે અને થાક દૂર કરવા આપણે વધુ ખાઈશું. ઈલિનોઈસના લિલ્કન સેન્ટર ફોર સ્લીપ એન્ડ વેઈટ મેનેજમેન્ટના નિષ્ણાતોનું માનવું છે કે જે લોકો પાંચ કલાક કે તેથી ઓછી ઊંઘ લે છે તેઓનું પાંચ જ દિવસમાં ૨ પાઉન્ડ જેટલું વજન વધી જાય છે. યુનિવર્સીટી ઓફ શિકાગોના અભ્યાસ અનુસાર ઓછી ઉંઘથી શરીરમાં એવા હોરમોન્સનું સ્તર ઘટી જાય છે, જેનાથી પેટ ભરાઈ ગયાની જાણ થાય. એથી જ આ પરિસ્થિતિમાં વ્યક્તિ વધુ ખાય છે. પરિણામે વજન વધે. શાંત અને ગાઢ ઉંઘ કરવાથી લોહીમાં ટ્રાઈગ્લીસરાઈડ ઘટે છે જે ચરબીનું જ એક રૂપ છે.

આમ બેઠાડુ જીવન ત્યજો, ચાલવું, યોગાસન, કસરત, ઘરના કામ વગેરે કરો પ્રવૃત્તિમાં રહો, ખુશ રહો, સારી શાંત ઊંઘ કરો, ખાવા પીવામાં ધ્યાન રાખો જાડાપણાથી દૂર રહી ઘણી બિમારીઓથી બચો.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976


## રાણપર - કચ્છ મધ્યે દેરાસરજી જીર્ણોદ્ધાર



રાણપર ગામે 'મહાવીરસ્વામી' જિનાલયનો જીર્ણોદ્ધાર શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવેલ છે. તા. ૩-૫-૨૦૧૬ના સવારના બૃહ્મ મુહુર્તે સ્નાત્ર પૂજા બાદ 'ખનન વિધિ' શ્રીમતી વર્ષાબેન કમલેશ શીવજી વિકમશીના હસ્તે કરવામાં આવેલ.

તા. ૪-૫-૨૦૧૬ના ૯ નવગ્રહાદિ પાટલાપૂજન બાદ 'શિલા સ્થાપના' વિધિ કરાવવામાં આવેલ. પ.પૂ. શ્રી મુક્તિરત્ન સાગરજી મ.સા. તથા પ.પૂ. સા.શ્રી. કિર્તિલતાશ્રીજી મ.સા. અને પ.પૂ. સા.શ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.ની નિશ્રા મળેલ. વિધિવિધાન શ્રી કેવલભાઈ સાવલાએ કરાવેલ. મહાનુભાવો તથા સ્થાનિકો સહિત ૨૦૦ જણની હાજરી હતી. સંગીતકાર કિશોર ગુણપુરી અને કલાકારોએ સંગીતની રમઝટ જમાવેલ. બન્ને દિવસ મધુરીબેન કાનજી વિકમશીએ દાદાની આંગી કરેલ.

॥ જય શ્રી સચ્ચા માતા ॥

॥ જય શ્રી પોડસાદાદા ॥ ॥ જય શ્રી ક્ષેત્રપાલ દાદા ॥

### વિકમશી નુખના શ્રી સચ્ચા માતાજીની સમૂહ પહેડી

વિકમશી નુખના સર્વે ભાવિકોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે માતાજીની સમૂહ પહેડી **તા. ૧૪-૮-૨૦૧૬ રવિવાર**ના મુંબઈ મધ્યે આયોજીત કરેલ છે.

**સ્થળ :** સકકર પંચાયત હૉલ, ૧૮/૧, આર.એ. કીડવાઈ રોડ, વડાલા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૩૧.

**સમય :** સવારે ૮.૩૦ વાગે ભુઈમાંના નિવાસ સ્થાનેથી વાજતે ગાજતે સામૈયું કરી હોલ મધ્યે પ્રવેશ.

**નોંધ :** સર્વે ગામના વિકમશી પરિવારના દીકરો / નિયાણી બહેનોને સહકુટુંબ સપ્રેમ આમંત્રણ છે. આપ કેટલા જણ પધારશો તે અગાઉથી જાણ કરશોજી.

સંપર્ક : **અખિલેશ ધનજી વિકમશી - 098198 27280**
**નિલેશ કરમશી વિકમશી - 098207 82431**
**સતીશ કાનજી વિકમશી - 098701 31193**
E-mail : **kantikaramsey@vsnl.net**
**akhileshdv@gmail.com**

- : નિમંત્રક :-

**શ્રી વિકમશી પરિવાર સચ્ચામાં સમૂહ પહેડી સમિતિ**

## પારિવારિક સમસ્યા – કાયદાકીય સમાધાન :
## પિતા કન્યાદાન ન કરે તો વિવાહ કાયદાની દૃષ્ટિએ માન્ય ગણાય ?



**વનિતા વિશ્વ**

પ્રશ્ન : હું ૨૬ વર્ષની હિન્દુ યુવતી છું અને હવે હિન્દુ યુવક સાથે મારાં લગ્ન થઈ રહ્યા છે. લગ્ન કઈ પદ્ધતિથી કરવા એ વિશે વાચચીત ચાલી રહી છે. મારા પિતા હયાત છે પરંતુ તે છેલ્લા વીસવર્ષથી અમને છોડીને જતા રહ્યા છે. તેમણે બીજા લગ્ન કર્યા છે એવું પણ અમને જાણવા મળ્યું છે. મારી માતા સાથે તેમના હજી છૂટાછેડા થયા નથી મારી માતાએ પોતાની હિંમતથી અમને બે ભાઈ-બહેનને મોટા કર્યા અને ઉત્તમ શિક્ષણ અપાવ્યું. મારો ભાઈ ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યો છે અને હું નોકરી કરું છું. પતિ અને પિતા તરીકે મારા બાપુજીએ કોઈ પણ જવાબદારી નિભાવી નથી.

અમારી દરકાર પણ કરી નથી. મારા લગ્ન થઈ રહ્યાં છે એ જાણીને તેમણે અમારો સંપર્ક કર્યો અને મારું કન્યાદાન પોતે કરવા માગે છે, એવો આગ્રહ ધર્યો છે. મને અને મારા ભાઈને એ જરાય માન્ય નથી. પિતા હયાત હોવાથી સગાવહાંલાએ પણ તેમના દ્વારા જ કન્યાદાનનો આગ્રહ રાખ્યા છે. તેમના મતે હિન્દુ ધર્મ પ્રમાણે કન્યાદાનનું અનન્ય, અસાધારણ મહત્વ છે. મારી માતા આ બાબતે ગૂંચવાઈ ગઈ છે. આ વિષે કાયદો શું કહે છે અ મારે જાણવું છે. કન્યાદાન થાય નહીં તો મારા લગ્ન અવૈદ્ય ગણાય કે ? મને માર્ગદર્શન આપશો. **– શીલા**

ઉત્તર : તમે બંને લગ્નોત્સુક પતિ-પત્ની છો, કાયદાથી સક્ષમ છો. હિન્દુ હોવાથી હિન્દુ લગ્ન પદ્ધતિથી કાયદેસર લગ્ન કરી શકો છો અથવા સ્પેશિયલ મેરેજ એક્ટની જોગવાઈ મુજબ તમે કોર્ટ મેરેજ પણ કરી શકો છો. કોર્ટ મેરેજમાં કન્યાદાનની જોગવાઈ નથી આ લગ્ન કાયદેસર જ હોય છે. કોઈપણ પદ્ધતિથી લગ્ન કરવા માટ લગ્નોત્સુક યુવક યુવતીનું કાયદાની દૃષ્ટિએ પુખ્ત હોવું જરૂરી છે. હિન્દુ લગ્ન કાયદા મુજબ બ્રાહ્મણોએ જણાવેલી અગ્નિની સાક્ષીએ લગ્નની મંત્રવિધી, દંતપિએ અગ્નિની ફરતે સાત ફેરા ફરવા, એ લગ્ન અધિકૃત ઠરવા માટે મહત્વની લગ્નવિધિ હોય છે.

હવે કન્યાદાન સંબંધે માહિતી : હિન્દુ ધર્મની પરંપરા મુજબ પિતાએ કન્યાનું દાન આપવું એ સૌથી માટું દાન ગણાય છે. કન્યાદાન કરવાથી અસાધારણ પુણ્ય મળતું હોવાની માન્યતા છે. નવપરિણિત યુગલને વંશવૃદ્ધિનો આશીર્વાદ અને તેમને પુત્ર પ્રાપ્તિ થતી હોવાની પણ માન્યતા છે. આ માન્યતા-વિશ્વાસ, પરાપૂર્વથી, પેઢી દર પેઢીથી ચાલતા આવ્યા છે. પણ તેને શાસ્ત્રોક્ત આધાર નથી. સંતાન થવા એ કુદરતી પ્રક્રિયા હોય છે. તે માટે કન્યાદાનની જરૂર નથી. જે ધર્મની લગ્નવિધિમાં કન્યાદાન થતું નથી, એ દંપતિઓને પણ સંતાન થાય જ છે. લગ્ન ન થયેલા યુગલોને પણ સંતાન થઈ શકે.

માતા ન હોય તો પિતા સોપારી બાંધીને લગ્નવિધિ પૂરી કરી શકે છે. પિતા ન હોય તો માતાએ શું કરવું એ બદલની નકકર માહિતી ઉપલબ્ધ નહીં હોય. ઘણી જગ્યાએ માતાએ લગ્નવિધિ જોવી નહીં એવી પણ માન્યતા છે. આવી સ્થિતિમાં ઘરના વડીલ દંપતિ લગ્નવિધિ પાર પાડે એવી પણ પ્રથા છે.

તમારા પિતાએ તમારો અને તમારી માતાનો ત્યાગ કર્યો એ માટે તમે નારાજ છો. બેજવાબદાર પિતાને કોઈપણ સ્વરૂપે તમારા લગ્નમાં મહત્વનું સ્થાન ન હોવું જોઈએ એવી તમારી લાગણી છે. તમારી માતા પર અન્યાય થયો છે તેથી, તમારા પિતાએ આ લગ્નમાં સહભાગી ન થવું જોઈએ એવું તમને લાગે છે. તમે પુખ્ત વયનાં છો, તમારા લગ્નમાં કોને આંત્રિત કરવા અને કોને નહીં એ નિર્ણય તમે લઈ શકો છો. તેવો આગ્રહ કરી શકો છો. આ બાબતે પિતાએ અત્યાર સુધી દર્શાવેલી બેદરકારી ધ્યાનમાં લેતાં તેમના દ્વારા આ કન્યાદાન વિધિમાં સહભાગી થવાનો આગ્રહ ધરવો એ પણ તેમનું સ્વાર્થીપણું જ દર્શાવે છે.

તમારે આ બાબતે અન્યોની માન્યતાને મહત્ત્વ આપવું જરૂરી નથી. પરંતુ આ બાબતે તમારી માતાની લાગણીનો વિચાર કરવો યોગ્ય ઠરશે. હિન્દુ લગ્ન કાયદાની જોગવાઈ અનુસાર કન્યાદાન ન થવાથી તમારા લગ્ન અવૈદ્ય ઠરશે નહીં. ઉપરાંત તમે સ્પેશિયલ મેરેજ એક્ટની જોગવાઈ અનુસાર પણ લગ્ન કરી શકો છો. લગ્ન અધિકૃત ગણાવા માટે કે વંશવૃદ્ધિ માટે કન્યાદાનની વિધિ જરૂરી નથી. આ મુદ્દે ભારતની ઉચ્ચ અદાલતના ચુકાદા પણ સ્પષ્ટ છે. જો કે લગ્ન બાદ આ લગ્નની કાયદેસર નોંધણી થાય એની તકેદારી લેવી જરૂરી છે. ભવિષ્યમાં મહત્ત્વના કાયદેસર દસ્તાવેજ માટે, સંબંધિતોનું સ્પષ્ટ સ્વરૂપે વૈવાહિક સ્થાન નિશ્ચિત કરવા માટે આ નોંધણી અત્યાવશ્યક છે.

**– એડ. નીલિમા કાનેટકર,**
જન્મભૂમિમાંથી સાભાર


**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**

**તન મન**
ટુર એન્ડ ટ્રાવેલ્સ
**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

**'વિદ્યાર્થીઓને અભિનંદન'**

S.S.C. અને અન્ય ઉચ્ચતર અભ્યાસક્રમના પરિણામોમાં આપણા અનેક KDO બાળકો પણ ઝળકી રહ્યા છે. સૌને અભિનંદન!! આપ છો આજે અમારો ગૌરવ અને આવતીકાલનું જ્ઞાતિનું સુકાન!! શુભેચ્છાઓ...

**– ચીમન મોતા** *તન-મન પરિવાર*

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મોટી સિંધોડી નેમિનાથ જિનાલયે ધ્વજારોહણ

મોટી સિંધોડી ગામમાં રવિવાર, તા. ૮-૫-૨૦૧૬ના રોજ પ્રભુજીના અઢાર અભિષેક લગભગ ૩૫-૪૦ જણની હાજરીમાં ભવ્ય રીતે ઉજવાયા. સોમવાર તા. ૯-૫-૨૦૧૬ સવારના સત્તરભેદી પૂજા અને શુભ મુહુર્તે ધ્વજા મહોત્સવ ઉજવાયો. તે દિવસે લગભગ ૬૦ જણની હાજરી રહેલી. સંઘ તરફથી બે દિવસની સંપૂર્ણ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

## નલીનપુર નારી નીગમ

નલીનપુર નારી નીગમનાં ઉપક્રમે તા. ૨૫-૪-૨૦૧૬ને સોમવારનાં રોજ 'શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રીસર્ચ સેન્ટર' પર્લી ની મુલાકાત યોજવામાં આવી હતી.

નલીનપુર નારી નીગમની બધી બહેનો તરફથી સામૂહિક રીતે તેમજ વ્યક્તિગત રીતે પણ સંસ્થાને સારું એવું અનુદાન શિક્ષણ ક્ષેત્રે પ્રદાન કરવામાં આવ્યું હતું. નોટબુક અને પેન પણ અપાયા હતા. બે બહેનોએ એક બાળકનાં શિક્ષણનું આખા વર્ષનું ખર્ચ. એટલે કે એક બાળકને દત્તક લેવાનો લાભ લીધો હતો. મુલાકાતનું આયોજન વ્યવસ્થાપક સમિતિની બહેનોએ સારી રીતે પાર પાડ્યું હતું.

## નલિયામાં મહાવીર જયંતી ઉજવાઈ

નલિયા ખાતે તા. ૧૯-૪-૨૦૧૬ના મહાવીર જયંતી ધામધૂમપુર્વક ઉજવણી થયેલ. વરઘોડામાં ભગવાનને લઈ રથમાં બેસવાનો પોખવાનો લાભ શ્રી મનીષ વિશનજી વેલજી છેડાએ લીધેલ. સાધર્મિક ભક્તિનો લાભ ધરમશી તથા ભીમાણી પરિવારે લીધેલ.

તા. ૫-૫-૧૬ના સમસ્ત દેરાસરજીની પ્રતિમોઓનું અઢાર અભિષેક શ્રી નરેન્દ્ર જીવરાજ મોમાયા પરિવાર તરફથી વિધીકાર શ્રી દીપક ભંડારી, સંગીતકાર શ્રી કીશોર સંઘારમાં સાનિધ્યમાં બહુ ભક્તિભાવ સાથે પૂર્ણ થયેલ બપોરનાં સાધર્મિક ભક્તિ શ્રી નરેન્દ્ર જીવરાજ પરિવાર તરફથી રાખેલ. બપોરના મહાકાલી માતાજીની ભાવના પણ રાખેલ ભાવિકોએ દરેક કાર્યક્રમમાં ભક્તિ ભાવથી સફળ લાભ લીધેલ.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.


## કોચીનમાં આયંબીલની ઓળી : મહાવીર જન્મકલ્યાણક

શ્રી કોચીન સંઘ દ્વારા સ્વ મેઘજી માલશી દંડની સ્મૃતિમાં દર વર્ષે યોજાતી ચૈત્રી આયંબીલ ઓળીનો લાભ ૪૦ ભાવિકોએ લીધો. પારણાનો લાભ શ્રીમતી ઉષાબેન કિશોર કુરૂવા પરિવારે લીધો હતો.

મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે શ્રી જીવરાજ ગોવિંદજી ધરમશી પરિવાર દ્વારા પ્રજા ભણાવવામાં આવી. સંઘ દ્વારા બે દિવસ સુધી વિવિધ વિસ્તારોમાં છાસ સેવા તથા આશ્રમોમાં મીઠાઈ વહેંચવામાં આવી હતી.

## રાયપુરના કુથુંનાથ જિનાલયમાં પરિક્રમા નિર્માણ તથા પરિસર વિસ્તાર

શ્રી છત્તીસગઢ કચ્છી જૈનના રાયપુર ફાફાડીહ સ્થિત શ્રી કુથુંનાથ જૈન શ્વેતાંબર મંદિરની પરિક્રમા નિર્માણ તથા વિસ્તારણાનું શુભ મુહુર્ત શ્રી રતિલાલ ભાઈ શાહના માર્ગદર્શન તેમજ પ.પૂ. સાધ્વીશ્રી સમય ગુણાશ્રીજી મ.સા. પ.પૂ. શ્રુતગુણાશ્રીજી મ.સા. આદિ થાણા ૨ ની પાવન નિશ્રામાં વિધિકાર શ્રી ચંદુલાલજી નાહર ભીલવાડા તથા સંગીતકાર અંકીત લોઢા એન્ડ પાર્ટી રાયુપરના સાનિધ્યમાં સેંકડો ધર્મપ્રેમીઓની હાજરીમાં બુધવાર તા. ૪/૫/૨૦૧૬ના સંપન્ન થયું હતું.

ખનન વિધિનો લાભ માતુશ્રી ચંપાબાઈ ઉમરશી શાહ, માતુશ્રી લક્ષ્મીબેન માણેકજી મૈશેરી, માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી મોમાયા આદિ પરિવારોએ લીધો.

## સાંધવ ગામમાં લાલછતા પીરની પહેડી

સાંધવ ગામના લાલછતા પીરની પહેડી પ્રસાદ તા. ૨૪-૪-૨૦૧૬ ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં રાખવામાં આવેલ.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 766668881 / 7666622229

સાંધવવાળીઓ, નિયાણી બહેનો સાંધવ ગામના મુસ્લીમભાઈ-બહેનો આમંત્રીત મહેમાનો સારી સંખ્યામાં હાજર રહીને કવાલતી રાખવામાં આવેલી. સારી એવી રમઝટ જામેલ પહેડી પ્રસાદનો લાભ જમકુબાઈ લાલજી પટેલ હસ્તે શ્રીમતી વિમલાબેન ઠાકરશી પટેલ પરિવારે લીધો હતો.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સાંધવના વાછરા દાદાની પહેડી પ્રસાદ તા. ૨૪-૪-૨૦૧૬ સાંજના ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં રાખવામાં આવેલ સાંધવવાસીએ, નિયાણી બહેનો, આંમત્રિત મહેમાનો, સગા-સ્નેહીઓ બહોળી સંખ્યામાં હાજર રહેલ. પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ પરિવાર સાંધવવાળાએ લીધેલ.

સંગીતકાર ઉત્તમ છેડા, કૌશિક બારોટ અને જયશ્રીબેન લોડાયાએ રમઝટ જમાવેલ.

**શ્રી ક.દ.ઓ. મહિલા મંચ - ખામગાંવ - શેગાંવ**

શ્રી ક.દ.ઓ. મહિલા મંચ - ખામગાંવ - શેગાંવની જાન્યુઆરી મહિનાની મીટીંગ સૌ. કુંજનબેન લોડાયાની અધ્યક્ષતામાં યોજાઈ. પ્રારંભે પ.પૂ. પ્રીતીધર્માશ્રીજીએ માંગલિક સંભળાવ્યું. બુલડાણાથી આવેલ સિધ્ધ સાયન્સના જાણકાર શ્રી સુરેશજી તાંબટકર અને અન્ય બે જાણાએ મંત્રની સિધ્ધિ વિશે જાણકારી આપી. આ શીબીર પ્રમુખ સૌ. હર્ષા મનોજ નાગડાના સુઝાવથી લેવામાં આવેલ એમાં ૪૦ બહેનો સહભાગી થયેલ. કાર્યક્રમનું સંચાલન જયાબેન નાગડાએ અને આભાર પ્રદર્શન સૌ. હર્ષાબેન નાગડાએ કરેલ.

ફેબ્રુઆરીની મિટિંગમાં જયાબેન નાગડા દ્વારા સૌ. હર્ષાબેન મનોજ નાગડાના સહયોગથી ટેન્ગ પાવડર ઘરે કેમ બનાવાય તેના ૭ પ્રકારનું ડેમોન્સ્ટ્રેશન અપાયું. આ કાર્યક્રમ ઈનર વ્હીલની સાથે લેવામાં આવેલ જેમાં ૮૦ જણાએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનું સંચાલન ઈતર વ્હીલ અધ્યક્ષા મોનીકાએ અને આભાર પ્રદર્શન સૌ પ્રબલા શાહએ કરેલ.

માર્ચની મિટીંગ સૌ. સોનમ વીકમશીના એના ઘરે જ લેવામાં આવી. જેમાં એણે ૩ પ્રકારની ચોકલેટ અને ચોકલેટ વોલનટ જ કેમ બનાવવું એનું પ્રશિક્ષણ આપેલ. બીજા દિવસે ફાગણ તેરસ હોવાથી ધાર્મિક પ્રશ્નોત્તરી અને છ ગાઉની માહીતી સૌ. કુંજનબેન લોડાયા તરફથી દેવામાં આવી. સાથે સાથે ધાર્મિક કવીઝના ઈનામ પણ એમના દ્વારા આપવામાં આવેલ. શ્રીમતી હીરાબેન લોડાયાએ પણ સોનમનું સ્વાગત જન્મદિવસની શુભેચ્છા બુકે દઈને કરેલ.


।। શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમઃ ।।

**શ્રી નલિયાવાસી ડોમ્બીવલી મિત્ર મંડળ**

**શ્રી નલિયાવાસી ડોમ્બીવલી મિત્ર મંડળ દ્વારા મુંબઈ/થાણા જીલ્લામાં વસતા મૂળ નલિયા ગામના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓને માટે ૧ થી ૭ ધોરણ સુધીના ને ૨ ડઝન A4 લોંગબુક ફ્રી તથા ૮ થી ઉપર ધોરણ ના માટે ૨ ડઝન લોંગ બુક ફ્રી દેવા માં આવશે. આ માટે નલિયાવાસી મિત્ર મંડળના કાર્યકરો પાસે નામ લખાવવા નમ્ર વિનંતી તથા રીઝલ્ટની ૧ ઝેરોક્ષ કોપી સાથે લાવવા નમ્ર વિનંતી.**

**ચેતના નાગડા - 098201 05078 વંદના દંડ - 073031 15999**
**અમિત ખોના - 076663 05511 પરેશ ખોના - 098209 40486**
**અતુલ છેડા - 099203 09355 પ્રગ્નેશ નાગડા - 098202 54737**

**વિતરણ : બી-૧૦૧, ત્રિભુવન સોસાયટી, દિન દયાલ રોડ, આનંદ નગર, ડોમ્બીવલી (વેસ્ટ)માં રાખવામાં આવેલ છે.**

**વિતરણ તારીખ : ૫/૬/૨૦૧૬, સાંજે ૪ થી ૭ તથા તા. ૧૨/૬/૨૦૧૬ના સવારના ૧૦ થી ૧ રાખવામાં આવેલ છે.**

**નોટ : નલિયાવાસી ડોમ્બીવલી મિત્ર મંડળ દ્વારા જુલાઈ મહિનાના પ્રથમ રવિવારે કચ્છી ઢોલના તાલે, દાંડિયા રાસ, મટુકડી, રાસ ગરબા તથા કચ્છી ટ્રેડીસનલ ડ્રેસ હરીફાઈ રાખવામાં આવશે. સર્વે મુંબઈ/થાણા જીલ્લામાં વસતા નલિયા ગામવાસીઓ સહપરિવાર તથા નિયાણી બહેનો સહપરિવારને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**લી. શ્રી નલિયાવાસી ડોમ્બીવલી મિત્ર મંડળ**



।। શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમઃ ।।

**અનુમોદના અનુમોદના અનુમોદના**

**શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ**

**(નલિયા - મુંબઈ - પાલીતાણા)**

**શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ દ્વારા કેળવણી ઉત્કર્ષ ફંડમાં રૂા. ૨,૫૦,૦૦૦/- નું અનુદાનઅપાયું છે. આ ટ્રસ્ટ દ્વારા નલિયાના તથા ભારત ભરમાં રહેતા અને ધોરણ કે.જી. થી ધોરણ ૧૦માં અભ્યાસ કરતા કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી - વિદ્યાર્થીઓને શાળા ફી, પુસ્તક સહાય અપાય છે તથા ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક ધાર્મિક, જીવદયા, મેડીકલ ક્ષેત્રમાં મોટું અનુદાન આપી અનુમોદનીય કામ કરે છે. ખરેખર ટ્રસ્ટ તથા ટ્રસ્ટીઓની ભૂરી ભરી અનુમોદના.**

**લી. શ્રી નલિયાવાસી ડોમ્બીવલી મિત્ર મંડળ**



**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૨-૧૫ | ડોમ્બીવલી | ઝીયાન, રિધ્ધી રાજીવ વિનય ધરમશી | સેવક ભરૂડીયા | પુત્ર |
| ૦૯-૦૩-૧૬ | મુલુંડ | શિવાન, નીરલ ગૌરવ નવીન કેશવજી મોતા | તેરા | પુત્ર |
| ૧૨-૦૪-૧૬ | ભાંડુપ | કાવ્યા, વૈશાલી દીપેશ સી. મોમાયા | વરાડીયા | પુત્રી |
| ૨૨-૦૪-૧૬ | થાણા | રિતિક, કિંજલ વિશાલ હરીશ ધરમશી | સેવક ભરૂડીયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૫-૧૬ | માઝગામ | સૌરવ હીતેન્દ્ર પદમશી મોતા | વાંકુ | ૩૨ |
| | કલવા | કિરણ રાયચંદ શામજી લોડાયા | સાંધાણ | ૩૦ |
| ૦૮-૦૫-૧૬ | સાયન | ધનેશ પ્રવિણ કલ્યાણજી લોડાયા | મોટી વરંડી | ૩૩ |
| | ડોમ્બીવલી | હેતવી પૂનમચંદ વેલજી મૈશેરી | મોટી સિંધોડી | ૩૧ |
| ૦૮-૦૫-૧૬ | મુલુંડ | કેવલ રાજેન્દ્ર દેવશી મૈશેરી | જખૌ | ૩૧ |
| | મુલુંડ | દીપના મહેન્દ્ર કેશવજી મોતા | કોઠારા | ૩૧ |
| ૦૯-૦૫-૧૬ | વિદ્યાવિહાર | પ્રતીક મનીષ મુકેશ લોડાયા | સુથરી | ૨૬ |
| | જલગામ | ખુશ્બૂ પંકજ કાંતીલાલ મોમાયા | બારોઈ | ૨૫ |
| ૧૨-૦૫-૧૬ | થાણા | અભિષેક ઉત્તમ હંસરાજ લોડાયા | મોટી ખાખડી | ૨૮ |
| | ડોમ્બીવલી | ઈલમ રમેશ ગાંગજી ધરમશી | રંગપુર | ૨૭ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૫-૧૬ | મુલુંડ | નીરવ પ્રદિપ વિઠ્ઠલદાસ આશર | જામનગર | ૨૮ |
| | ભાંડુપ | જ્યોતિ મહેન્દ્ર ગોવિંદજી ખોના | જખૌ | ૨૫ |
| ૦૮-૦૫-૧૬ | કાંજુર માર્ગ | યતીન ભરત શામજી છેડા | નલીયા | ૩૦ |
| | વિક્રોલી | નિશા વિજય દગડુ ખરાત | પિંપલગાવ | ૨૪ |
| ૦૯-૦૫-૧૬ | મુલુંડ | ચિંતન નલીન ગુલાબચંદ ધુલ્લા | સેવક ભરૂડીયા | ૨૪ |
| | મુલુંડ | ધ્વની પરેશ કુંવરજી દેઢીયા | દેઢીયા | ૨૪ |
| ૦૯-૦૫-૧૬ | મુલુંડ | નીરવ રાજેશ કલ્યાણજી લોડાયા | સુથરી | ૨૬ |
| | પ્રભાદેવી | દિપીકા સુરેન્દ્ર ખીમજી વીરા | ફરાદી | ૨૪ |
| ૦૯-૦૫-૧૬ | દિલ્હી | સાહિલ સુનીલ રાહેજા | ગુડગાંવ | ૨૮ |
| | કોચીન | શિવાની વિજય મુલચંદ દંડ | સુથરી | ૨૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૧૬ | આદીપુર | ધર્મેન્દ્ર કુલીનચંદ્ર ધુલ્લા | સુથરી | |
| | ભાંડુપ | ધારિણી ગૌતમ પ્રતાપસિંહ લોડાયા | રવા | |
| ૨૬-૦૪-૧૬ | ડોમ્બીવલી | નીરવ નવીન રાયશી મૈશેરી | બાંઢીયા | ૨૬ |
| | નાહુર | તેજલ (દિશા) મહેન્દ્ર ઉમરશી નાગડા | નલીયા | ૨૫ |
| ૩૦-૦૪-૧૬ | મસ્જિદ | કરણ ચંદ્રકાંત અરજણ મોતા | વાંકુ | ૨૭ |
| | ભાંડુપ | દિપીકા કિરીટ પદમશી ખોના | નલીયા | ૨૫ |

### છુટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૩-૧૬ | આદીપુર | ધર્મેન્દ્ર કુલીનચંદ્ર ધુલ્લા | સુથરી | |
| | આદીપુર | જયશ્રી જીવરાજ દંડ | મંજલ રેલડીયા | |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૫-૧૬ | કોઈમ્બતુર | વિમલાબેન હિરાચંદ શીવજી ખોના | બારોઈ | ૮૨ |
| ૦૮-૦૫-૧૬ | ડોમ્બીવલી | નિતીન કેશવજી દેવજી ખોના | કુઆપધર | ૫૩ |
| ૧૨-૦૫-૧૬ | કોચીન | મણીબાઈ મેઘજી લાલજી ધરમશી | જશાપર | ૮૬ |
| ૧૩-૦૫-૧૬ | સાંધવ | કાનજી ચાંપશી જીવરાજ દંડ | સાંધવ | ૭૫ |

# શ્રી ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની ૧૯મી સમૂહ પહેડી

મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની ૧૯મી સમૂહ પહેડી શુક્રવાર, તા. ૮-૪-૨૦૧૬ના સવારના ૯.૩૦ કલાકથી ભાંડુપ અનંતસિદ્ધિ પરિસરમાં જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં યોજવામાં આવેલ.

સવારના ૯.૦૦ કલાકે સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર માતુશ્રી રાજબાઈ પદમશી મોતા હ. મીનાબેન ગુલાબભાઈ - કુવાપધર - હૈદ્રાબાદ તથા ભાવિકોએ મોટી સંખ્યામાં ભુવાશ્રી હીરાચંદ પટેલની રાહબારીમાં માતાજીની વિધિવત સ્થાપના પુજાવિધિથી કરી હતી. ચેતના હરિયાના મંડળીએ સુગંધી વાતાવરણમાં માતાજીની અર્ચના - આરાધનાની શરૂઆત કરી હતી. વિવિધ રજુઆત દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા અને સૌ બે કરજોડી કરતલ ધ્વની દ્વારા આરાધનામાં જોડાયા હતા. ખેતરપાળ દાદાના જુહાર કરીને બહેનો પધાર્યા કે લાભાર્થી પરિવારે સંગીતને સથવારે પ્રાસાદના વિવિધ થાળ નાચતા ગાતા પધારીને ધર્યા હતા. લાભાર્થી પરિવારની વહુઆરોએ માતાજીની સમૂહપહેડીના જુહાર કર્યા હતા. ફૂલોથી શણગારેલ સ્ટેજ એવમ માતાજીના વિશાળ ફોટા પાસે ભુવાશ્રીની હાજરીમાં લાભાર્થી પરિવાર, મોતા પરિવારના વડીલો એવમ મોતા પરિવારના સૌએ માતાજીની સંગીતમય આરતી સંગીત મંડળીના સથવારે ગાઈને કરતાલ ધ્વની દ્વારા સંપન્ન કરાવી હતી.

સમૂહ પહેડીમાં મોટી/નાની પંચતીર્થી, મુંબઈ મહાજનશ્રી, અનંતનાથજી ટ્રસ્ટ, સમસ્ત મહાજન તથા અચલગચ્છના પદાધિકારીઓ પધાર્યા હતા.

કુમારિકાઓએ પ્રસાદ લીધા બાદ મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ દ્વારા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. SSC/HSC ના પ્રથમ બે અને ગ્રેજ્યુએટ કે તેથી ઉચ્ચ પરીક્ષા પાસ કરનાર મોતા પરિવારના ૧૧ યુવાઓને મોમેન્ટો એવમ સર્ટીફીકેટ પધારેલ મહાનુભાવોને હસ્તે એનાયત કરાયા હતા. એકજ ઘરની બે દીકરીઓ આ વર્ષે ઉચ્ચ કક્ષાએ પાસ થતા એ બે ઘરની ગૃહલક્ષ્મીઓને બાળકોના શિક્ષણ માટેના યોગદાન માટે સન્માનિત કરાઈ હતી.

તા. ૩૦ ડીસેમ્બર ૨૦૧૫ના અરિહંત શરણ થયેલ મોતા પરિવારના મુરબ્બી આણંદજી પાશ્વીર મોતા - રાપરગઢવારી આદિપુરને પરિવાર આદરાંજલિ અર્પણ કરી હતી અને તે બાબતનો ઠરાવ વાંચી સંભળાવવામાં આવેલ. ખાસ મુંબઈ પધારેલ તેમના કુટુંબીજનોને ઠરાવની નકલ તથા શાલ અર્પણ કરાઈ હતી. આણંદજીભાઈ ના પરિવારે આભારદર્શન વ્યક્ત કરેલ.

આજની સમૂહ પહેડીના લાભાર્થી પરિવારમાં રાજબાઈ પદમશી મોતાના શ્રી ગુલાબભાઈ એવમ મીનાબેનનું અભિવાદન કરાયું હતું. પોતાને આ લાભ આપવા માટે શ્રી ગુલાબભાઈએ મોતા પરિવારનો આભાર માન્યો હતો. આ પ્રસંગે પધારેલ મોતા પરિવારના વરિષ્ઠ મહાનુભાવ શ્રી મુલચંદ પદમશી મોતા - નલીયા - બડગરા નું તેમની દક્ષિણ ભારત એકમમાં આપેલ સેવાઓ અને બીજીવાર નલીયા મહાજનશ્રીના પ્રમુખપદે ચુંટાવા બદલ અભિનંદન કરાયું હતું.

તેરા સ્થિત માતાજીની મંદિરે આરતી-ધૂપ-દીપની માસીક તિથી માટે રૂા. ૧૧૦૦૦/- ની ટહેલ થતા ૧૫ પરિવારોએ પોતાના નામ નોંધાવ્યા હતા. તેની નામ સહિત જાહેરાત કરાઈ હતી અને સૌનો આભાર માનવામાં આવેલ ધોરણ ૧૦ સુધી મોતા પરિવારના બાળકોને અપાતી શૈક્ષણિક સહાયની વિગત આપવામાં આવી હતી અને તે માટે સંસ્થાને યોગ્ય ડોનેશન આપવા વિનંતી કરાઈ હતી.

રાસ ગરબા અને મટુકડી રાંધ સાથે બહેનો-યુવાઓ-પરિવારજનોએ સંગીત મંડળીને સાથ આપ્યો હતો. પ્રસાદ આરોગીને માતાજીને યાદ કરતા સૌ ભાવિકો નવરાત્રીએ માતાજીને ભેટવાની ઈચ્છા સાથે વિદાય થયા હતા. આ નવરાત્રિઅ બે શનિ/રવિવાર આવતા હોવાથી સૌ યુવાઓને **અનુકુળતા અનુસાર તેરા પધારી માતાજીના સાનિધ્યમાં નવરાત્રીમાં માતાજીની આરાધના કરવાનું આમંત્રણ અપાયું હતું.**

તેરા સ્થાનકે નવરાત્રીમાં વપરાશ માટે સવાકીલોનો ચાંદીનો ગરબો ભુવાશ્રી હીરાચંદ પટેલ તરફથી ભેટ મળેલ છે. આભાર

હમેશા અમને મદદરૂપ થતા તેરા મહાજનના પદાધિકારીઓ, દેરાસર/અતિથીગૃહ/ભોજનશાળાના સૌ કર્મચારીઓના આભારી છીએ. નવરાત્રીમાં સર્વે મદદ માટે નલીયાના કિરણ મોતાના વિશેષ આભારી છીએ.

નોંધ : જુનામાં સ્કુલ ચાલુ થતા ફી ભરીને રસીદ એવમ ગયા વર્ષના પરિણામની નકલ સાથે શૈક્ષણિક સહાય માટે અરજી કરવી. ફોર્મ તનમન ટુર્સ અને ટ્રાવેલ્સની ભુજબળ નિવાસ, જવાહરલાલ નેહરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ ૮૦ થી મેળવી લેવા. બહારગામવાળા E-mail : **tanmantravels@gmail.com** પર વિનંતી કરેથી તેમને ઈ-મેલ થી મોકલાશે. જુનના પહેલા સમાહે ફોર્મ મળશે. ૩૦ જુન સુધી અરજી મોકલવી. SSC અને તે બાદ દર વર્ષે પાસ થયાના સમાચાર જ્ઞાતિપત્રમાં જરૂર છપાવવા.

**તેરા માતાજી મંદિર - ફોન : 02831-289251 મહેતાજી ખોના - મો.: 078746 36406 / 099989 75469**

**સૌજન્ય : માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર, કુવાપધર - હૈદરાબાદ હસ્તે મીનાબેન ગુલાબભાઈ મોતા**

# શ્રી ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની ૧૯મી સમૂહ પહેડી

## શુક્રવાર, તા. ૮-૪-૨૦૧૬, સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ભાંડુપ






માતાજીનું સ્ટેજ

માતાજીની સ્થાપના






માતાજીની અર્ચના

પધારેલ વડીલ ભાવિકજન

લાભાર્થી પરિવાર અર્ચના કરતા






ખેતરપાળના જુહાર

માતાજીને થાળ ધરાવતા/જુહાર કરતા લાભાર્થી પરિવાર

લાભાર્થી પરિવારનું સન્માન






માતાજીની આરતી અને અર્ચના

શ્રી મુલચંદ મોતાનું સન્માન






સરસ્વતી સન્માન

સરસ્વતી સન્માન - માતૃવંદના

સ્વ. શ્રી આનંદજીભાઈને આદરાંજલિ






માતાજીની અર્ચના/ગરબા

પ્રસાદનો લાભ લેતા ભાવિકજનો

સૌજન્ય : માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર હ. મીનાબેન ગુલાબભાઈ મોતા, કુવાપધર - હૈદરાબાદ

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## HEARTY CONGRATULATIONS



**SAANCHI RAJENDRA DHULLA**

for scoring **94.83%** in
X std ICSE 2016 examinations & Also
for Being the **TOPPER** in **ENGLISH**
with 98 marks out of 100
from **Sri Sri Ravishankar Vidyamandir**

*We all are very proud of her achievement & wish her the Best for Future.*

**Shri Hirji Harpar Dhulla Family**
Jakhau / Mulund
**Shri Virchand Khimji Gala Family**
Tera / Masjid Bunder
**Shri Umarshi Ghelabhai Chheda Family**
Suthari / Masjid Bunder
**Smt Laxmibai Hemraj Momaya**
Varadia / Mulund
**Smt. Prieety Shekkar Family**
Dubai
**Smt Urvashi Harnish Chadderwala Family**
Dubai
**Shri Pravinbhai Munvar Family**
Rangpur - Mulund

## હાર્દિક અભિનંદન

**શ્રી કિશોર શામજી કુરૂવા (કોચીન)એ રાષ્ટ્રપતિને હસ્તે 'નિર્યાત શ્રી' એવૉર્ડ મેળવી જ્ઞાતિ ગૌરવ વધાર્યું**



શ્રી કિશોરભાઈની કિશોર સ્પાઈસીસ કું. એ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં તેજાના-મસાલાની નિકાસમાં કીર્તિમાન સ્થાપી, ટોચના નિકાસકારોને અપાતો રાષ્ટ્રીય સ્તરીય 'નિર્યાત શ્રી' એવૉર્ડ મેળવી જ્ઞાતિ ગૌરવ વધાર્યું તે બદલ અભિનંદન સહ પ્રગતિની શુભકામના.

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

## લોડાયા અને ભેદા પરિવારોનું ગૌરવ



**ચિ. સિદ્ધાંત ચેતન લોડાયા**

ગામ : વારાપધર, હાલે : ભાંડુપ

**સિદ્ધાંત** એ ICSE Board 10th Std.માં
**96.50%** થી ઉતીર્ણ થયેલ છે.
તે બદલ અમે ગર્વ અનુભવીએ છીએ.
આમ જ ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે
અને બન્ને કૂળને ઉજાળે એવી જ
શુભેચ્છા સાથે શુભાશિષ !

માતા-પિતા : **નીતા ચેતન લહેરચંદ લોડાયા**
દાદી-દાદા : **વિજયાબેન લહેરચંદ લોડાયા** (વારાપધર-ભાંડુપ)
નાની-નાના : **હીરાવંતી લક્ષ્મીચંદ ભેદા** (વારાપધર - મુલુંડ)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,